# પ્રકરણ : ૬

# વર્ષા અડાલજાની પસંદ કરેલી કૃતિઓમાં સ્ત્રીવિષયક સંઘર્ષોની સાહિત્યિક લાક્ષણિકતાઓ

# પ્રકરણ : ૬

# વર્ષા અડાલજાની પસંદ કરેલી કૃતિઓમાં સ્ત્રીવિષયક સંઘર્ષોની સાહિત્યિક લાક્ષણિકતાઓ

સંસારની દરેક વસ્તુને જેમ કાળની અસર થાય છે તે જ પ્રમાણે સાહિત્યમાં પણ પરિવર્તન અનુભવાય છે. સમયની સાથે માનવીની જીવનશૈલીમાં બદલાવ આવે છે. આ કારણે વિચારશક્તિ અને કાર્યશૈલીમાં પણ ફેરફાર જોઈ શકાય છે. માનવીની જરૂરિયાતો, કાર્યપદ્ધતિ તેની ક્રિયાઓ, માનસિક સંચલનો એ દરેકમાં બદલાવ આવે છે. આથી, સ્વાભાવિક રીતે જ મનુષ્યરચિત સાહિત્યને પણ તેની અસર થવાની જ! સાહિત્ય એ દરેક કાળ, સમાજ અને યુગને સ્પર્શીને વહેતું આવ્યું છે. આ કારણે વર્તમાન સાહિત્યમાં પરિવર્તન જોવા મળે છે.

આજનો માનવી ચૈતસિક સમસ્યાઓનો ભોગ બનેલો છે. જેટલો જ્ઞાનનો વિસ્ફોટ થયો છે અને સવલતો વધી છે, તેટલો જ માનવી એકબીજાનાં હૃદયથી વિમુખ થતો ગયો છે. આથી કેવળ બાહ્ય જ નહીં, આંતરિક પ્રશ્નો પણ ઊભા થયા છે. માનવમનની સાંપ્રત સમસ્યાઓ સાહિત્યના વિષયો બન્યા છે. આથી સાહિત્યના વિષયોમાં વિવિધતા જોઈ શકાય છે. આ ગહન વિષયોને સાહિત્યમાં નિરૂપવા માટે નવીન પ્રયુક્તિઓનો વિનિયોગ થાય છે.

સાહિત્યમાં વપરાતી આ પ્રયુક્તિઓ માનવમનનાં સૂક્ષ્મ અને ગંભીર સંવેદનોને ઝીલવા માટે સહાયરૂપ બને છે. માનવીની હતાશા અને એકલતાની વેદનાને રજૂ કરવામાં આ પ્રયુક્તિઓ મદદ કરે છે. વિવિધ પ્રયુક્તિઓ માનવીનાં સંવેદનોને અને મનોતરંગોને સાહિત્યમાં સુપેરે રજૂ કરી શકે છે. મનુષ્યને અનુભવાતી ભાવના અને સંવેદનોને અસરકારક કરવા પણ આ પ્રયુક્તિઓનો વિનિયોગ થાય છે.

અહીં આપણે સાહિત્યમાં ઉપયોગમાં લેવાતી વિભિન્ન પ્રયુક્તિઓને સમજવાનો પ્રયાસ કરીએ. જેમાં પીઠઝબકાર, બાયફોકલ, ફ્લેશ ફોરવર્ડ, ભાષાકર્મ, આંતરિક એકોક્તિ, આત્મકથનાત્મક, સંવાદ, વક્રોક્તિ, સહોપસ્થિતિ, પુરાકલ્પન, પ્રતીક, પત્ર વગેરેનો સમાવેશ થાય છે. આ દરેક પ્રકારની પ્રયુક્તિઓનો સાહિત્યમાં કેવી રીતે વિનિયોગ કરી શકાય છે તે અહીં જોઈએ:

**૧. પીઠઝબકાર**

સળંગ ચાલતી વાર્તામાં કોઈ એક એવી વાતનો અંશ હોય જે ભૂતકાળમાં બની ગયેલ ઘટનાને આલેખે છે. "ભૂતકાળમાં બની ગયેલા દૃશ્યનો એક અંશ. આ અંશ વર્તમાન ઘટનાના વર્ણનમાં વચમાં થોડીક ક્ષણો માટે રજૂ કરવામાં આવે છે અને તે દ્વારા ચાલી રહેલી ઘટના અંગે કશીક સમજૂતી સાંપડે છે. આથી તે ઘટના ઉપર કશીક ટીકા, સૂચના મળી શકે છે. આ પ્રવિધિ મુખ્યત્વે ફિલ્મ સાથે સીધો સંબંધ ધરાવે છે."[i] પીઠઝબકાર પદ્ધતિ ભૂતકાળમાં ઘટી ગયેલી વાતનો એક અંશ જ હોય છે. આના થકી લેખક વર્તમાનમાં ચાલતી વાતને ભૂતકાળની એવી ઘટના સાથે સાંકળી લે છે, જેનાથી વાચક આખી વાર્તાને સળંગ રીતે પામી શકે.

**૨. ફ્લેશ ફોરવર્ડ**

આ રચનારીતિ દ્વારા લેખક ચાલી રહેલી ઘટનાના વર્ણનમાં ભવિષ્યની ઘટનાઓને આકાર આપે છે. ભવિષ્યમાં જે ઘટના બનવાની છે તે વિશેનો અંશ વર્તમાનમાં જ રજૂ કરવો તેને ફ્લેશ ફોરવર્ડની પ્રયુક્તિ કહેવાય છે. સાહિત્યમાં જ્યારે સર્જક ભાવિમાં બનનાર કોઈ સંભવિત ઘટના વિશે વાચકોને જ્ઞાત કરવા માગે છે ત્યારે આ પ્રયુક્તિ નિરુપાય છે. જે દ્વારા વાચક આવનાર પ્રસંગ વિશે માનસિક પૂર્વતૈયારી કરી શકે. જે રીતે સર્જક પીઠઝબકારમાં ભૂતકાળના અંશો પ્રગટ કરે છે, તે જ પ્રમાણે આ રચનારીતિમાં ભવિષ્યના અમુક અંશોનું નિરૂપણ કરે છે.

**૩. બાયફોકલ**

આધુનિક રચનારીતિ તરીકે ઓળખાતી 'બાયફોકલ' સંજ્ઞા મૂળ વિજ્ઞાનની છે. મેડિકલ- વિજ્ઞાનમાં દૂર અને નજીકનાં દૃશ્યોને જોવા માટે જે કાચ વપરાય છે. તેના સંદર્ભે આ સંજ્ઞાનો ઉપયોગ છે. સાહિત્યમાં સર્જક પોતાની કૃતિમાં ભૂતકાળ અને વર્તમાનની ઘટનાને નિરૂપવા માટે વિનિયોગ કરે તેને બાયફોકલ પ્રયુક્તિ કહેવાય છે. વર્તમાનમાંથી ભૂતકાળમાં સરી જવા માટે અને ભૂતકાળમાંથી વર્તમાનમાં ડોકિયું કરવા માટે આ રચનારીતિનો વિનિયોગ થાય છે.

**૪. ભાષાકર્મ**

કથામાં પાત્રોની મનઃસ્થિતિનું વર્ણન કરવા માટે લેખક વિવિધ ભાષાકર્મનો સહારો લે છે. જેમાં વર્ણનો, અલંકાર, કહેવતો, રૂઢિપ્રયોગો વગેરેનો સમાવેશ થાય છે. અલંકારો દ્વારા સાહિત્યને શોભાયમાન બનાવે છે. કહેવતો અને રૂઢિપ્રયોગોનો વિનિયોગ કરીને સમાજમાં પ્રચલિત બાબતોને રજૂ કરે છે.

**૫. સહોપસ્થિતિ**

આ રચનારીતિનો આધુનિક સાહિત્યમાં વિશેષ વિનિયોગ દેખાય છે. આ રીતિમાં કોઈ પણ વિરોધી પાત્રો, વિચારો, પ્રસંગો, દૃશ્યો કે પરિસ્થિતિઓને એકબીજાની સામે એટલે કે વિરોધમાં મૂકવામાં આવે છે. આ પ્રકારે વિશિષ્ટ ભાવસ્થિતિ કે અર્થસંદર્ભ ઊભો કરવાની પધ્ધતિને સહોપસ્થિતિ કહેવાય છે. આ રચનારીતિમાં એક તરફ રૂઢિવાદી અને પરંપરાવાદી પાત્ર અને સામેની તરફ આધુનિક વિચારસરણી ધરાવતું પાત્ર હોઈ શકે. તે જ પ્રમાણે એક તરફ શ્રીમંત તો સામેની તરફ સાવ છેવાડાનું રાંક માનવી હોઈ શકે. ક્યારેક ખૂબ ઉચ્ચ ભણતર ધરાવતી વ્યક્તિની સામે અભણ વ્યક્તિ હોઈ શકે. આમ, બે ભિન્ન સામાજિક, આર્થિક પરિવેશ

ધરાવતાં પાત્રો દ્વારા કથામાં નવીન અર્થ નિષ્પન્ન કરવામાં આવે તેને સહોપસ્થિતિની પ્રયુક્તિ કહેવાય છે.

**૬. પ્રતીક**

પ્રતીક માટે અંગ્રેજી શબ્દ 'Symbol' વપરાય છે. જેમાં વસ્તુનો સીધો ઉલ્લેખ કરવાને બદલે આડકતરી રીતે ઉલ્લેખ કર્યો હોય. સાહિત્યનું સર્જન કરતી વખતે સર્જક કોઈ વસ્તુનો ઉલ્લેખ કરવા માટે તેના જેવી જ અન્ય વસ્તુની વાત કરે છે. જે તે માટેનું સૂચન કરતી હોય ત્યારે તેને પ્રતીક કહેવાય છે. સર્જક પ્રતીકને શબ્દ, વાક્ય, શીર્ષક, ઘટના, પાત્ર, પરિસ્થિતિમાં કોઈ પણ સ્વરૂપે મૂકી શકે છે. ઘણી વાર કૃતિ પોતે પણ પ્રતીક સ્વરૂપે જોવા મળે છે.

**૭. વક્રતા**

સાહિત્યિક અભિવ્યક્તિમાં પ્રયોજાયેલા શબ્દોનો દેખીતો અર્થ તેના અભિપ્રેત અર્થ કરતાં વિરુધ્ધ હોય તેને વક્રતા કહેવાય છે. લેખકે લખ્યું છે કંઈક અને તેને ભાવકને સમજાવવું છે કંઈક બીજું જ! આમ, વક્રતા એટલે વિસંગતિ. કૃતિમાં રહેલા વાચ્યાર્થ કરતાં તેના વ્યંગયાર્થને સમજવું તે જ વક્રતાનું મુખ્ય કાર્ય છે. વક્રતા દ્વારા કથામાં હાસ્ય, કટાક્ષ, કરુણતા, વ્યંગ સર્વ નીપજાવી શકાય છે. કથાકાર આ રચનારીતિ થકી માનવીના વર્તનમાં રહેલાં સારાં-નરસાં પાસાંને ઉજાગર કરી શકે છે. કેટલીક વાર પોતાને ન ગમતાં કે અનુકૂલન ન સાધતાં અન્ય પાત્રોને ખરી-ખોટી સંભળાવી દેવાના હેતુને પાર પાડવા માટે પણ આ પ્રયુક્તિનો વિનિયોગ થાય છે.

**૮. પત્ર**

પુરાણકાળમાં દૂર વસતાં સ્નેહીજનોને સંદેશ મોકલવા માટે પક્ષીઓનો ઉપયોગ કરવામાં આવતો હતો. આ સંદેશાઓ મોકલવાની પરંપરામાંથી જ પત્રની સફર આરંભ થઈ હશે

એમ માની શકાય છે. મધ્યકાળ, સુધારકયુગ અને નર્મદયુગમાં પણ એક પ્રયુક્તિ તરીકે પત્રલેખન જોઈ શકાય છે. પત્ર એ અન્ય કોઈ ઝાઝી પંચાતમાં પડ્યા વગર સીધે-સીધું નિશાન પાર પાડે છે. પત્ર દ્વારા સર્જક તે પત્ર લખનાર પાત્રના મનોસંચલનોને ઉજાગર કરે છે. કથાનો વિકાસ કરવામાં પણ પત્ર ઉપયોગી સાબિત થયા છે. કેટલીક વાર જે વાત ખુલ્લી રીતે ન કહી શકાય એમ  હોય તેને રજૂ કરવામાં પણ પત્ર મદદરૂપ થઈ શકે છે. કેટલીય વાર્તાઓમાં કોયડા ઉકેલવામાં પણ પત્રની ભૂમિકા સુંદર રીતે રજૂ થઈ છે.

**૯. આત્મકથનાત્મક**

પોતાના વિચારોને રજૂ કરવા તે પ્રયુક્તિ એટલે આત્મકથનાત્મક. કેટલીક વાર પાત્ર પોતાની આગળ-પાછળની કોઈ માહિતી જાતે જ આપી દેતો જણાય છે. એ માહિતી વાર્તાને આગળ ધપાવવા માટે મહત્ત્વની હોય છે. સાહિત્યમાં પાત્રના ચૈતસિક સંચલનોને પાત્ર દ્વારા જ સીધાં વાચકો તરફ મોકલાય છે. પાત્ર પોતાના દૃષ્ટિબિંદુથી વાચકની સમક્ષ રજૂ થાય છે.

**૧૦. આંતરિક એકોક્તિ**

આંતરિક એકોક્તિમાં પાત્રના ચિત્તમાં ચાલતા વિચારો છે કે જેને તે સ્વગત બોલીને રજૂ કરતો નથી. ફ્રેંચ ભાષામાં મનોવૈજ્ઞાનિક નવલકથા આલેખવાનો પ્રયોગ કરનાર એદુઆર્દ દુર્જાર્દિન આંતરિક એકોક્તિની વ્યાખ્યા આ રીતે આપે છે: "કોઈ દૃશ્યમાં કોઈ પાત્રની ઉક્તિ તે પાત્રના પોતાના આંતરિક જીવનમાં સીધો જ પ્રવેશ કરવાનો ઉદ્દેશ ધરાવે છે, અને તેમાં સમજૂતી કે વિવેચન દ્વારા લેખકની દરમિયાનગીરી ન હોય તેવી ઉક્તિ, ... અ-ચેતનની અત્યંત નિકટ રહેલા અંતરંગ વિચારોની અભિવ્યક્તિ હોય. તે માત્ર સીધા પદો દ્વારા જ ઉચ્ચારાય, વાક્યરચના લગભગ નહીંવત્ હોય, અને આમ મૂળભૂત રીતે તે આજે આપણી કવિતાની જે વિભાવના છે તેને મળતી આવે."[ii] સ્પષ્ટ રીતે કહી શકાય કે આ પ્રયુક્તિમાં

મનોગત અને વાચક વચ્ચે લેખકની હાજરી હોતી નથી અને તેના કોઈ ટીકા કે ટિપ્પણ અહીં હોતાં નથી.

**૧૧. પુરાકલ્પન**

પુરાકલ્પન એટલે કે myth એ શબ્દ જ સૂચવે છે કે જૂનું, પુરાણું, પુરાતન. એ જ પ્રમાણે નવીન કથાની રચના કરવા માટે પુરાણકથાઓમાંનાં વસ્તુ, પાત્રો કે ઘટનાનો ઉપયોગ કરવામાં આવે છે. તેને નવા પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવાની રચનારીતિ પુરાકલ્પન તરીકે ઓળખાય છે. ઘણી વાર પાત્રો જ નહીં જાતિ કે સમૂહની પણ અભિવ્યક્તિ થતી જોવા મળે છે. જેમકે આપણાં મહાકાવ્યો- 'રામાયણ' અને 'મહાભારત'નાં કેટલાંય પાત્રો નવીન કથાકારો માટે પુરાકલ્પનનો આધાર બન્યાં છે.

**૧૨. સંવાદ**

બે પાત્રો વચ્ચે થતી વાતચીતથી પાત્રોના મનોજગત અને તેમની માનસિકતાનો ખ્યાલ આવે છે. સંવાદ પ્રયુક્તિ પાત્રના મનોસંચલનોને વર્ણવવા ઉપયોગી સાબિત થાય છે.

આ સિવાય સાહિત્યમાં અન્ય કેટલીક પ્રયુક્તિઓ છે. જેનો વિનિયોગ લેખિકાએ કર્યો નથી. જેમાં કપોલકલ્પના, અહેવાલ, ડાયરી વગેરે છે.

વર્ષા અડાલજા આધુનિક યુગના સ્ત્રીસાહિત્યકારોમાં મોખરાનુ સ્થાન ધરાવે છે. આ અભ્યાસમાં તેમના ૭ નવલિકાસંગ્રહો છે. જેમાંની ૭૬ વાર્તાઓનો અભ્યાસમાં સમાવેશ કર્યો છે. વાર્તાસંગ્રહોની પ્રકાશિત વર્ષ અનુસાર ગોઠવણી કરી છે. સંવેદનોનાં જૂથ મુજબ વાર્તાઓને વર્ગીકૃત કરી છે. સ્ત્રીપાત્રોને અનુભવાતાં સંઘર્ષ અને સંવેદનને રજૂ કરવા જે સાહિત્યિક પ્રયુક્તિઓનો વિનિયોગ કર્યો છે તેનો અભ્યાસ કર્યો છે. આ પ્રયુક્તિઓ સ્ત્રીના સંઘર્ષ, સંવેદન કે નિરાકરણને અસરકારક કરવામાં મદદરૂપ બની છે. પ્રયુક્તિઓની તીવ્રતા મુજબ તેની ગોઠવણી

કરી છે. આ વાર્તાઓની રચનામાં સ્ત્રીપાત્રો અને તેને સંલગ્ન અન્ય પાત્રોની મનોવેદનાને નિરૂપી છે.

## જૂથ-૧ : પીડા

આ જૂથમાં ૨૬ વાર્તાઓનો સમાવેશ કર્યો છે. જેમાં સ્ત્રીપાત્રોની પીડાને વર્ણવી છે. પીડાનું સંવેદન રજૂ કરવા માટે વાર્તાકારે ભિન્ન પ્રયુક્તિઓનો વિનિયોગ કર્યો છે. આ સાથે સંઘર્ષ અને શમન માટે પણ આ પ્રયુક્તિઓ ઉપયોગી બની છે. કૌટુંબિક સમસ્યાઓનો ભોગ બનેલી સ્ત્રીઓની પીડાની તીવ્રતાને દર્શાવવા પીઠઝબકારની પ્રયુક્તિ અસરકારક બની છે. 'કચૂડાટ' અને 'બ્લા-સ્ટ'ની નાયિકાઓ પુત્રીઓના મનસ્વી વર્તનને કારણે પીડા અનુભવે છે, જેને પીઠઝબકારથી વર્ણવી છે.

'બે સ્ત્રીઓ' અને 'આંધીમાં' પતિએ આપેલી વેદનાને પચાવી જતી સ્ત્રીઓ છે. પરંતુ, વર્ષો પછી પુત્રને કારણે ફરી પીડિત થાય છે. આ પ્રયુક્તિ ઈશ્વર સમક્ષ ફરિયાદ કરતી સ્ત્રીની પીડાને ઉજાગર કરે છે. પ્રભુએ આપેલી વિકલાંગ બાળકીનો સહર્ષ સ્વીકાર કરીને જીવનના સંઘર્ષને પાર કરતી સ્ત્રીની વેદનાને પીઠઝબકારની પ્રયુક્તિ ઘેરી કરે છે. જીવનના અમુક પડાવ પર એકલી પડેલી સ્ત્રીઓ ભૂતકાળમાં ડોકિયું કરીને પીડિત થાય છે.

સમાજની નબળી માનસિકતાનો ભોગ બનેલ સ્ત્રીઓની પીડા વક્રોક્તિ થકી રજૂ થઈ છે. સ્ત્રીગર્ભપાતની વેદનાને પત્રથી વર્ણવી છે. પુરુષની હવસનો શિકાર બનેલી યુવતીની વેદના પ્રતીકથી વર્ણવી છે. નાયિકાઓ પોતાની વેદના અન્ય સાથે વહેંચી ન શકતા સ્વ સાથે વાર્તાલાપ કરે છે, જે આંતરિક એકોક્તિની પ્રયુક્તિમાં છે. સહોપસ્થિતિ અને સંવાદ પણ સ્ત્રીની વેદનાને પ્રભાવક બનાવે છે. ભવિષ્યની કલ્પનાને આકાર આપવા ફ્લેશ ફોરવર્ડનો વિનિયોગ કર્યો છે. સંવાદ અને પત્ર સ્ત્રીની વેદનાને રજૂ કરવામાં મદદરૂપ બન્યા છે. સિંહાસનની પૂતળીની પીડા પુરાકલ્પનથી ઘેરી બની છે.

**'સાક્ષી' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

આ વાર્તામાં રોઝાના સંઘર્ષને વર્ણવવા પીઠઝબકારનો વિનિયોગ કર્યો છે. વર્ષો પહેલાં કથળેલી આર્થિક સ્થિતિ વચ્ચે રોઝાએ અપંગ બાળકીને જન્મ આપ્યો હતો. ડૉક્ટર સાથે વાત કરતી વખતે તે પોતાનો ભૂતકાળ યાદ કરે છે. આ વાક્ય રોઝાની પીડાને શબ્દશઃ વર્ણવે છે.

"હા, મને એક પગવાળી દીકરી જન્મી હતી, વીસ વર્ષ પહેલાં. સૂઝી. એને ઉછેરતાં ખૂબ મુશ્કેલી પડી મને." (પૃ. ૧૧૮)

રોઝાના સંઘર્ષનું નિવારણ લાવવા પણ પીઠઝબકાર પ્રયુક્તિ ઉપયોગી બની છે.

"પણ એને ઉછેરવાની છે, એ વિચારે, એ નાનકડી બાળકીએ જ મને અખૂટ બળ અને ધૈર્ય આપ્યાં... જે જાગતો નથી એને ઈશ્વર પણ જગાડતો નથી." (પૃ. ૧૧૮)

**'હરિ મને આપો એકાદી એંધાણી' (એંધાણી, ૧૯૮૯)**

વાર્તામાં પીઠઝબકારની પ્રયુક્તિ વડે રૂપાની પીડાને વધુ ઘેરી કરી છે. તેને ઘરની બહાર કાઢવામાં આવી હતી તે ગોઝારો દિવસ તેની સ્મૃતિમાં સચવાયેલો છે. પોતાના બાળકની યાદોને ભૂતકાળમાં જઈને વર્ણવે છે.

"ઓહ! તે દિવસે પણ એ આટલું જ રડી હતી, જ્યારે એ ઘરની બહાર નીકળી હતી." (પૃ. ૩)

"પરસાળની ભીંતે એણે માથું ઢાળી દીધું. બંધ આંખોની અંદર દૂર દૂર ક્ષિતિજે હોય એવું એક નાનું ઘર દેખાવા લાગ્યું. તરુણ અત્યારે સૂતો હશે? જાગતો હશે?..." (પૃ. ૨-૩)

પોતાની આ વેદના માટે તે ભગવાનને જવાબદાર ઠેરવે છે. લેખિકાએ રૂપાના મુખે સ્વગતોક્તિ નિરૂપી છે, જેનાથી તેનો ઈશ્વર પ્રત્યેનો સંઘર્ષ વધુ ઘેરો બન્યો છે.

“કઈ શ્રદ્ધાના બળે આ લોકો આમ ગાઈ શકતા હતા? ઈશ્વરે એમને માટે શું કર્યું હતું?” (પૃ. ૨)

રૂપાએ આશ્રમમાં દુ:ખી દર્દીઓને જુએ છે. રક્તપિત્તના દર્દીઓના સંઘર્ષને ઘેરો કરવા ભાષાકર્મનો સહારો લીધો છે.

“કદરૂપા બનતા ચહેરાઓ, ખરી પડતી આંગળીઓ, સડીને શાકભાજીની જેમ કોહવાઈ જતાં પગ, સંવેદના વિનાનું શરીર અને મન... લોહી, પરુ, આંસુ, ભૂતપલીત જેવી ભયંકરતા... કદાચ સાક્ષાત યમદેવતા પણ આ દૃશ્ય જૂએ તો એમનું કાળજું થથરી જાય.” (પૃ. ૬)

“.કુંભારે ઉતાવળમાં ચાકડેથી ઊતારી લીધા હોય એવા ઘાટઘૂટ વગરના ચહેરા, પાટાપિંડી કરેલા હાથ-પગ, આંખોમાં નિર્જન રણની શૂન્યતા, સર્વત્ર છળી ઉઠાય એવી ભયંકર કુરૂપતા.” (પૃ. ૨)

**‘કેટલીક મધુર ક્ષણો’ (એંધાણી, ૧૯૮૯)**

સુજાતાના સંઘર્ષને વર્ણવવા લેખિકાએ પીઠઝબકારનો ઉપયોગ કર્યો છે. રાહુલની અપંગતા વિશે વાત કરતાં તે દુ:ખી થાય છે. સુજાતાની પીડા આ વાક્યમાં રજૂ થઈ છે:

“બે વર્ષ પહેલાં રાહુલનો જન્મ થયો, અહીં આવીને તમને સમાચાર આપવા હતા... પણ એનાં જન્મનાં આનંદ સાથે જ કેટલી ગાઢ વેદના સંકળાયેલી હતી કે તમને કોઈને સમાચાર લખવા મને ઠીક ન લાગ્યું.” (પૃ. ૫૦)

**‘બે સ્ત્રીઓ’ (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

યુવાનીમાં પતિએ કરેલ દગાને ચંદ્રાબહેન પચાવી ગયાં છે. જીવનના સંઘર્ષને પાર કરીને અનિલને મોટો કર્યો છે. પણ આજે અનિલનાં કુકર્મો જોઈ ચંદ્રાબહેન પતિએ કરેલ દગાને યાદ કરે છે. ભૂતકાળની કડવી યાદો તેમની પીડાને વધુ ઘેરી કરે છે.

"વર્ષો પહેલાં જે પતિને એણે ઝેરી છોડની જેમ, જીવનમાંથી ઊખેડીને ફેકી દીધો હતો, એ ફરી એના તૂટેલા મૂળમાંથી ઊગી નીકળ્યો હતો. આજે એના સુખના છલોછલ કટોરામાં એના વિષફળનું એક બિંદુ ઘોળાઈ ગયું હતું." (પૃ. ૭૨)

ચંદ્રાબહેનના ભૂતકાળ અને વર્તમાનમાં એકસમાન ક્રિયાઓ થાય છે. જે કામ તેમના પતિએ કર્યું હતું તે જ દીકરો કરી રહ્યો છે. આ વાતને સમજાવવા માટે બાયફોકલ પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. બન્ને ઘટનાઓની તીવ્રતા એકસરખી અસરકારક છે. આ પ્રયુક્તિ તેમના સંઘર્ષનું નિરાકરણ લાવવામાં સહાય કરે છે.

"વમળના એ ઘૂમરી ખાતા પાણીમાં નિ:સહાય ઘસડાતાં હતાં, ફંગોળાતાં હતાં... વર્ષો પહેલાંની આવી જ એક રાત હતી અને આ જ પ્રશ્ન એમણે પતિને પૂછ્યો હતો : હું અને અનિલ આ ઘરમાં રહીશું તો તમે કૌશલ્યાને ક્યાં રાખશો?" (પૃ. ૭૬)

"ના, હું વિચાર કરું છું કે તારા આ બંગલામાં હું અને સુમતિ રહીશું તો તારી પત્ની ક્યાં રહેશે?" (પૃ. ૭૬)

**'આંધી' (અનુરાધા, ૨૦૦૩)**

પીઠઝબકારનો ઉપયોગ કરી વાર્તાકારે વિદ્યાના સંઘર્ષને પ્રબળ કર્યો છે. વિદ્યા લગ્ન કરીને અમેરિકા જાય છે. ભવિષ્યની સુખી કલ્પનાઓમાં વિદ્યાએ જોયેલાં સ્વપ્નાં ચકનાચૂર થઈ જાય છે. શરાબી અને ગુસ્સેલ પતિથી થાકી એ ભારત પાછી આવે છે. વર્ષો પછી પણ મિહિર સાથે વીતાવેલી એ પળો વિદ્યા યાદ કરે છે. મિહિરનું ગેરવર્તન યાદ કરતાં તે આજે પણ ધ્રૂજી ઊઠે છે. બન્ને વચ્ચેનો સંવાદ જુઓ:

"તેં લગ્ન શું કામ કર્યા? કમાતો નથી, ત્રેવડ નથી તો પછી..."

"તો પછી? એ દિવસે મિહિર ભડકી ઊઠેલો. એના વાળ પકડીને ખેંચ્યા. મેં લગ્ન કર્યાં કારણ કે ઘરનાં સૌ પાછળ પડેલાં. કારણ કે મને સ્ત્રી જોઈતી હતી, ઘર ચલાવવા, રાંધવા, રાત્રે સૂવા માટે. સમજી! પેલી..." (પૃ. ૧૫૫)

**'બ્લાસ્ટ' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

વર્ષોથી વિદેશમાં સ્થાયી થયેલાં કીશુબહેનના પતિ મૃત્યુ પામ્યા છે. દીકરી રીટા કીશુબહેન સામે ઈરફાનને પરણવાનો મહત્ત્વનો નિર્ણય જાહેર કરે છે. તે આઘાતથી વળ ખાઈ જાય છે. પોતે અહીં આવીને શું મેળવ્યું એ વિચાર આવે છે. પતિ અને પોતે પરદેશમાં કરેલ સંઘર્ષપૂર્ણ મહેનતની યાદ આવે છે. જેને પીઠઝબકાર પદ્ધતિથી વર્ણવી છે.

"માડી રે! ધંધામાં  ખોટ ખાધી, ચોરીઓ થઈ, ઠંડીથી સાંધા જકડાતાં પણ પછી બે પાંદડેને બદલે આખેઆખું વૃક્ષ જ ઊગી નીકળ્યું. મીઠા ફળ ખાવાનો વારો આવ્યો કે પતિ ચાલી નીકળ્યા." (પૃ. ૬૮)

કીશુબહેનનો પુત્રી અને તેના પરધર્મી પ્રેમી પ્રત્યેનો દ્વેષ અને ગુસ્સો ઓગાળી નાખવા માટે બ્લાસ્ટરૂપી પ્રતીકનો વિનિયોગ કર્યો છે. રીટાના અનેક પ્રયાસો છતાં કીશુબહેન ઈરફાનને સ્વીકારવા તૈયાર થતા નથી. આખરે તેમની જીદ અને અહંકાર જ પુત્રીને ગળી જવા માટે કારણભૂત બને છે. તેમના સંઘર્ષનું નિવારણ લાવવા 'બ્લાસ્ટ'નું પ્રતીક ઉપયોગી થયું છે.

"ત્યાં જોરથી બ્લાસ્ટ થયો. એ સાથે જ કીશુબહેનનાં આગ્રહો, જીદ, માન્યતાઓ, ધર્મ વિશેની દલીલો ચણેલી મજબૂત ઊંચી ઇમારત જોરદાર ધડાકા સાથે તૂટી પડી. એના વજનદાર કાટમાળ નીચે ભીંસાતાં કીશુબહેન ખુરશીમાં ઢળી પડ્યાં." (પૃ. ૭૩)

**'અદૃશ્ય રેખા' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

અનુબહેનની પીડાને વર્ણવવા પીઠઝબકારનો વિનિયોગ કર્યો છે. તે નાની-મોટી એવી ઘણી ઘટનાઓ યાદ કરે છે, જેમાં પતિ જે. કે. દૂર થતાં ગયા હોય! બાળકો પણ ક્યારે તેની નજરમાંથી ઓઝલ થઈ ગયાં તેની સરત ના રહી.

"પેલી અદૃશ્ય રેખા સમય સાથે ખેંચાતી ખેંચાતી, દૂરના ભવિષ્યકાળ સુધી દોરાઈ ગઈ હતી... એ પત્નીનાં બેડરૂમમાંથી પછી જીવનમાંથી પણ બહાર નીકળી ગયો હતો." (પૃ. ૭૫)

'અદૃશ્ય રેખા' અનુબહેન અને જે. કે. વચ્ચેના સંબંધનું પ્રતીક છે. આ પ્રતીક દ્વારા બન્ને વચ્ચેનો સંબંધ અભિવ્યક્ત થાય છે. નરી આંખે ન દેખાતી એ રેખાએ અનુબહેનને જયકિશનથી વિમુખ કરી દીધાં છે. જે પતિ માટે પોતે સર્વસ્વ ન્યોછાવર કરી દીધું, પિયરનાં દાગીના વેચીને, નાનાં-મોટાં કામો કરીને, ખભેખભો મિલાવીને તેની સાથે ઊભી રહી તે જ પતિ અને બાળકોના વર્તુળમાંથી હવે તે વિદાય થઈ ગઈ છે. આ પ્રતીક થકી તેની વેદના રજૂ થાય છે.

"જયકિશનમાંથી જે. કે.ની સફર બહુ લાંબી ન હતી, પણ સાથે ચાલતા ચાલતા પેલી અદૃશ્ય રેખા દોરાતી રહી. જીવન જાણે બે ઊભા ફાડિયામાં ચિરાઈ ગયું... વળાંકો લેતો કોઈ જુદી જ દિશામાં પતિને લઈ ગયો હતો." (પૃ. ૭૫)

લેખિકાએ અનુબહેનના સંઘર્ષના શમન માટે ફ્લેશ ફોરવર્ડનો ઉપયોગ કર્યો છે. અનુબહેન નક્કી કરેલ નિર્ણયને વળગી રહેવા મક્કમ બને છે. જે. કે. અને બાળકોને પોતાની કશી કિંમત ન હોય તો એમનાથી દૂર થઈ જવું એ જ યોગ્ય રસ્તો લાગે છે.

"એમને એમનાં નકશાની નિશાનીઓ પર ચાલવા દેવા જોઈએ અને એ પોતે પોતાના નક્કી કરેલા રસ્તે ચાલશે. જરૂર જ." (પૃ. ૭૭)

**'ઉંબર પર' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

રાજુલની પીડાને પીઠઝબકારની પ્રયુક્તિથી દર્શાવી છે. પોતાનું સમજીને જે ઘરમાં જીવ રેડી દીધો એ જ ઘરમાં આજે તેને આગંતુક જેવો આભાસ થાય છે. વર્ષો પહેલાં પરિવારમાં પ્રવેશેલી આગંતુક રાજુલ અને વર્તમાનની રાજુલ તેને એક સમાન લાગે છે.

"અને હું ક્યાં હતી? મારું ઘર સાંભળતા જ હું એક જોરદાર ધક્કા સાથે પચ્ચીસ વર્ષ પાછળ ફેંકાઈ ગઈ હતી... હું ઊભી હતી. ઘરની બહાર ઉંબર પર. નવવધૂનાં વેશમાં. પોંખાઈને હજી ગૃહપ્રવેશની પ્રતીક્ષા કરતી." (પૃ. ૧૪૦)

**'કચૂડાટ' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

કાદંબરીને ભૂતકાળની મુકુંદ અને પૂજાની વાતો યાદ આવે છે. આ યાદો તેના સંઘર્ષને વધારે છે. પૂજાએ લગ્ન કરીને ન્યૂઝીલેન્ડ જવાનો લીધેલ નિર્ણય મુકુંદે વધાવ્યો હતો. પણ પોતે જીદ પર અડી રહી હતી. તે યાદ આવતા તેની પીડા વધે છે.

"મુકુંદે એને સમજાવેલી. કંઈ કેટલાય સંતાનો દુનિયાના બીજા દેશોમાં ચાલી જાય છે અને એ બધાનાં મા-બાપ આમ હિંચકે ઝૂલતાં બેઠાં જ હોય છે ને ? એમાં રડવાનું શું ? રિટાયર થઈશ એટલે પી.એફ.નાં પૈસાથી આપણે પણ દુનિયા ઘૂમીશું અને છેલ્લે ન્યૂઝીલેન્ડ રહીશું. પૂરા છ મહિના. બરાબર?" (પૃ. ૧૫૭-૧૫૮)

મુકુંદ મૃત્યુ પામે છે. કાદંબરી એકલી પડે છે. એકલતાની વેદનામાં ન ઇચ્છતી હોવા છતાં તેને પૂજાની વાતો યાદ આવે છે અને ભૂતકાળની સફરે લઈ જાય છે.

"આ બધી એકની એક વાતો શું કામ મનમાં ઘોળાતી હશે! જનારા ચાલી ગયા. પૂજા પરણીને ન્યુઝીલેન્ડ ચાલી ગઈ. પૂજા અને કુમારે સિવિલ મેરેજ કરવાનું નક્કી કર્યું અને ન્યુઝીલેન્ડ જ રહેવાના હતાં. એ વાત પૂજાએ રવિવારે સવારે જ કરી હતી ત્યારે એ કેટલું રડી હતી?" (પૃ. ૧૫૭)

"ના. એણે તરત જ કહી દીધેલું. હું પૂજાને ઘરે નહીં જાઉં. ક્યારેય નહીં. બધું નક્કી કરી લીધું અને છેલ્લે કહેવા બેઠી કે હું પરદેશમાં સેટલ થવાની છું?" (પૃ. ૧૫૮)

કાદંબરીનો પૂજા પ્રત્યેનો રોષ દર્શાવવા આંતરિક એકોક્તિનો વિનિયોગ કર્યો છે.

"એ વિચારમાત્રથી હોઠ પીસાઈ જતા, રોષ ઊભરાઈ આવતો. તારે લીધે જ પૂજા હું આજે એકલી પડી છું. તારી પાસે તો તારો સંસાર છે, મારું તો સર્વસ્વ લૂંટાઈ ગયું. દીકરી ગઈ. વર ગયો અને સાથે સંસારના સંબંધોય ઘસાતા ગયા." (પૃ. ૧૬૦)

**'સ્મૃતિની ફિંગરપ્રિન્ટ' (ઍંધાણી, ૧૯૮૯)**

સુરેખાના સંઘર્ષને અસરકારક બનાવવા માટે લેખિકાએ પીઠઝબકાર પધ્ધતિનો ઉપયોગ કર્યો છે. પ્રકાશ મૃત્યુ પામ્યો છે. સુરેખા તેની યાદોમાંથી મુક્ત થઈ નથી. સ્વર્ગસ્થ પતિને યાદ કરતી સુરેખાને પ્રકાશના સંસ્મરણો પીડે છે.

"એ હવામાં લહેર બની વહેતો હતો, એના કૂંડામાં ફૂલ બની ઊગતો હતો, વહેલી સવારે સૂરજનું કિરણ બની અધિકારથી એના ખંડમાં પ્રવેશતો હતો. ઍશ-ટ્રેની રાખમાં હતો, ડ્રેસિંગ ટેબલના અરીસામાં એનું અદૃશ્ય પ્રતિબિંબ હતું. ઘરની દીવાલો, રાચરચીલું બધે જ એની ફિંગરપ્રિન્ટ હતી." (પૃ. ૧૦૬)

**'લાંબી ધીમી તપતી બપોર' (અનુરાધા, ૨૦૦૩)**

વાર્તામાં વંદનાની મન:સ્થિતિને પીઠઝબકારની પ્રયુક્તિ દ્વારા રજૂ કરી છે. વંદના પતિ શાંતિલાલથી છૂટી પડી છે. શાંતિલાલનો અસહ્ય ત્રાસ અને સાસુના ટોણાંને યાદ કરીને તેને પીડા થાય છે.

"શાંતિલાલ રોજમદારી પર કામ કરતો. કોઈક દિવસ પૈસા મળે, કોઈ દિવસ ખેરસલ્લાં. મા કલાંઠ. દિવસભર એ કામના ઢસરડા કરતી અને રાત્રે શાંતિલાના શરીરની ભડભડતી ભૂખ એને કાચી જ ખાઈ જાય. એની ઇચ્છા થતાં જ શરીર ન ધરી દે તો એ ઢીબી

પણ નાંખતો. બા-બાપુજીનું આપેલું આઠ તોલા સોનું અને ઘરવખરી હડપ કરી સાસુ રોજ નવી માગણીઓ કરતી." (પૃ. ૧૩૪)

પિયરને પોતાનું ઘર સમજી આવેલી વંદનાને અહીં પણ શાંતિ નથી. માવતર તેને શાંતિથી રહેવા દેતા નથી. શું એકવાર પરણ્યા પછી પિયરઘર સ્ત્રીનું નથી રહેતું? એ પ્રશ્ન તેની વીંધે છે. તેની વેદનાને દર્શાવવા તેને મૂળમાંથી ઊખડી ગયેલ છોડની ઉપમા આપી છે.

"કેવા કેવા પ્રશ્નો, ભોંમાંથી વાંસની જેમ ફૂટી નીકળતા હતા, વીંધતા હતા! ...આજ સુધી પિતાના આંગણામાં તુલસીક્યારાની જેમ રોપાઈને જીવી હતી. અચાનક ફૂંકાયેલા વાવાઝોડામાં એ ઊખડી પડી ક્યાંથી ક્યાં ફંગોળાઈ ગઈ હતી!" (પૃ. ૧૪૧)

**'બસ, થોડાં ડગલાં સાથે ચાલવું' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

મૃત પતિની યાદોમાં ખોવાયેલી કરુણાની વાતોમાં પીઠઝબકારની પ્રયુક્તિ છે. કરુણાની પીડાને ઘેરી કરવા આ પ્રયુક્તિ ઉપયોગી બની છે.

"ત્રણ વર્ષ પહેલાં રાજવીર, મારા હસબન્ડ મૃત્યુ પામ્યા. દીકરો કેનેડાથી આવું આવું કરતો ત્યાં જ સેટલ થઈ ગયો. ત્યાં લગ્ન કરી લીધાં. મારા પતિ સાથે મારું ભરપૂર જીવન હતું અને અચાનક એકલી પડી ગઈ." (પૃ. ૧૭૮)

આર્યનના સંઘર્ષને દર્શાવવા માટે પણ લેખિકા તેને ભૂતકાળમાં લઈ ગયા છે. માતા-પિતાનું સરસ સહજીવન જોનાર આર્યનની નારાજી જોઈ શકાય છે. પ્રૌઢ વયે નવી ફેશનેબલ પત્ની લાવીને પિતા પોતાની માતાને ભૂલી ગયા છે એમ તેને અનુભવાય છે. માતાની સ્મૃતિ તેનો પીછો નથી છોડતી.

"ગુજરાતી ઢબે સાડી પહેરી, કપાળમાં મોટો ચાંદલો કરતી, મંગળસૂત્ર પહેરતી, અંબાજીની રોજ પૂજા કરતી પત્ની સાથે વર્ષો સુધી સુખમય જીવન વિતાવી, એ ચાલી ગઈ ત્યારે આ કરુણા શાહ સાથે લગ્ન કરી લીધાં હતાં." (પૃ. ૧૭૨)

**'ભીની રેતીમાં પગલાં' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

લગ્નભંગ થયેલી અપર્ણાના સંઘર્ષને રજૂ કરવા લેખિકાએ પીઠઝબકારનો સહારો લીધો છે. અપર્ણાને પ્રથમ લગ્નની કડવી યાદો પીડે છે. તેના લગ્નજીવનના સુંદર સ્વપ્નો રગદોળાઈ ગયાં હતાં.

"પછી ધીમે ધીમે હાથની મેંદીનો રંગ ફિક્કો પડવા લાગ્યો. વાદળોમાંથી એક જલબિંદુની જેમ એ ધરતી પર ફંગોળાઈ ગઈ. લગ્ન પર ઢાંકેલું પ્રેમનું આવરણ ઉપરછલ્લું જ હતું. એ ખસી ગયું અને છુપાયેલું કુત્સિત રૂપ પ્રગટ થઈ ગયું." (પૃ. ૧૧૬)

**'ડ્રીમલેન્ડ' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

લેખિકાએ કાનનના સંઘર્ષને નિરૂપવા માટે પીઠઝબકારનો ઉપયોગ કર્યો છે. તે કુટુંબનું એકમાત્ર સંતાન છે. પિતાના અચાનક નિધન બાદ તે ઘરનો મોભ બની. હવે આર્થિક જરૂરિયાતો માટે સૌ તેની પર નિર્ભર છે. આથી જ તેના લગ્ન માટે કોઈ સભ્ય પ્રયાસ નથી કરતો. ભૂતકાળની યાદો તેના સંઘર્ષને વધુ અસરકારક બનાવે છે.

"હૃદયરોગના હુમલાથી બાપુ અચાનક મૃત્યુ પામ્યા, દાદી પથારીવશ થઈ ગયાં. બા ભાંગી પડી. તૂટતા ઘરને એણે ખભા પર ઝીલી લીધું... દાદીને સંધિવાથી પીડા થતી, બાનું મોતિયાનું ઑપરેશન તો ઘરની ગળતી દીવાલનું સમારકામ. સોનાના મોર મોતીનો ચારો ચરવા ક્યાંય ઊડી ગયા..." (પૃ. ૨૧૮-૨૧૯)

**'ભાગ્યનું લખત' (એંધાણી, ૧૯૮૯)**

ગભરુ રાજરાણી બળાત્કારનો ભોગ બની છે. તેની સ્થિતિને વર્ણવવા પ્રતીકનો વિનિયોગ કર્યો છે. સ્ત્રીની અસહાયતા અને લજ્જાને ઘડાના પ્રતીક સાથે સરખાવી છે.

"ગઈ કાલ રાતનો શરમનો માર્યો કૂવામાં સરકી પડેલો ખાલી ઘડો હજી એમ જ લટકી રહ્યો હતો. એક ઘડો પાણી કાઢતાં તો રામવતી હાંફી ગઈ. ઘડો ઘસડી એ રાજરાણી પાસે

લાવી અને એના મોંએ, શરીરે પાણી છાંટવા માંડી. પણ છાતીમાં લાગેલી લાહ્યને એ ક્યાંથી ઠારે?" (પૃ. ૧૯૪)

રાજરાણીનાં ડરને ભાષાકર્મના વિનિયોગ વડે ઘેરો કર્યો છે. બળાત્કારની વેદના અને પુરુષનો પહેલો સ્પર્શ તેને માટે આઘાતજનક બની રહે છે.

"ઘરમાં જતાવેંત રાજરાણી નીચે આળોટી પડી અને છાતીફાટ રડવા લાગી. ઉલેચાઈ ગયેલા આંસુના ખરા દરિયામાં ન જાણે ક્યાંથી પૂર ઊમટી આવ્યાં હતાં!" (પૃ. ૧૯૫)

**'વાવલી' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

લેખિકાએ સ્ત્રીના સ્વમાનને વાવલીનું પ્રતીક આપીને સમજાવી છે. કુંકણા જાતિની આદિવાસી મહિલાઓ સ્વતંત્ર અને સુખી હતી તેની વાત આ વાર્તામાં વણી લેવાઈ છે. એની સામે સભ્ય સમાજની કેટલીય સ્ત્રીઓ હજી પણ સ્વતંત્ર નથી એ વાત હિનાનું ઉદાહરણ આપીને સમજાવી છે. હિના આર્થિક રીતે સ્વતંત્ર હોવા છતાં બહેનો માટે કંઈ કરી નથી શકતી. વાવલીનો લેખ વાંચ્યા પછી હિનાને પોતાની સ્થિતિ સમજાય છે.

"આ અભણ ગરીબ ગ્રામ્યનારી સ્વમાની હતી. પતિ સાથે ખભેખભો મિલાવી ખેતીનાં, ઢોરઢાંખરનાં કામ સંભાળતી... એ પૈસાને વાવલી કહેવાય. એ પૈસા માત્ર એના જ. પતિનો પણ એની પર અધિકાર નહીં, એટલું જ નહીં એનો હિસાબ પણ એ ન પૂછી શકે..." (પૃ. ૪૦)

**'ઘંટી' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

હેમા ઘરના અસંખ્ય ઝીણાં-મોટાં કામોમાં અટવાયેલી છે. જોડિયાં દીકરીઓને ભણાવવાથી લઈને પતિને હૉસ્પિટલ ટિફિન પહોંચાડવાની જવાબદારી તેની એકલીને માથે છે. લેખિકાએ હેમાની દયનીય પરિસ્થિતિને દર્શાવવા માટે 'ઘંટી' પ્રતીકનો વિનિયોગ કર્યો છે.

“ઘંટીમાં સંસાર ઓરાતો જાય અને ભરભર ભૂકો દળાતો જાય. ચોવીસે કલાક ઘંટી ગોળગોળ ફરે... એનો ઘરરર કાન ફાડી નાખતો અવાજ એને બહેરી કરી મૂકે છે.” (પૃ. ૧૩૭)

“ઘરરર ઘંટી ફરે છે, ભરભર ભૂકો. ઘઉંનો? સંસારનો? હેમાનો?” (પૃ. ૧૩૮)

**‘સાંજને ઉંબર’ (સાંજને ઉંબર, ૧૯૮૩)**

રેવાનો તેની મા તરફનો સંઘર્ષ દર્શાવવા લેખિકાએ ફ્લેશ ફોરવર્ડ પ્રયુક્તિ ઉપયોગમાં લીધી છે. ક્યારેય ન જોયેલી માતા તરફનો તેનો તિરસ્કાર આ પ્રયુક્તિથી ઘેરો થાય છે. આ વિધાન જુઓ:

“મારી માને શરીરે કીડા પડજો... નરકમાં પડજો...” (પૃ. ૧૮૪)

બાળક તરફનો તિરસ્કાર દર્શાવવા લેખિકાએ રેવાને મુખે સ્વગતોક્તિ રજૂ કરી છે. પોતાને જ પેટે જન્મેલા બાળક માટેના આ ધિક્કારભર્યા વચનો પરથી તેનો સંઘર્ષ સમજી શકાય છે.

“કિસનલાલજી પધાર્યા’ છટ નરકનું જંતુ ખદબદશે. આપમેળે મોટું થશે. ફૂટપાથ પર હજારો અનાથ છોકરાઓ મોટા થઈ જાય છે. એ પણ થશે.” (પૃ. ૧૮૪)

**‘અવાજોનું ઘર’ (સાંજને ઉંબર, ૧૯૮૩)**

મધુબહેનનું ઘર પતિ અને તેમના પ્રેમનું પ્રતીક છે. તેમને ઘર તરફ ખૂબ માયા છે. પોતે અહીંથી ચાલ્યાં જશે પછી ઘરની દશા કેવી થશે એની કલ્પનામાં તે ખોવાઈ જાય છે. જેને લેખિકાએ ફ્લેશ ફોરવર્ડની પ્રયુક્તિથી દર્શાવ્યો છે.

“અહીં ભર્યોભર્યો સંસાર જીવાયો હતો એનું કોઈ સ્મરણ નહીં રહે. દિવાકરે પ્રેમથી વાવેલા ફૂલછોડ કરમાઈ જશે. આ બે ખુરશી પર બીજા કોઈ બે બેસશે. આ ઘર હવે જશે.” (પૃ. ૮)

મધુબહેનના સંઘર્ષને ભાવક સુધી લઈ જવા લેખિકાએ પીઠઝબકાર પદ્ધતિનો વિનિયોગ કર્યો છે. દિવાકર વ્યવહારુ હતા અને તેને બાળકોનો મોહ છોડી દેવા સમજાવતા હતા. મધુબહેન બાળકોની માયા છોડી ન શક્યાં. વૃધ્ધાવસ્થા દરમ્યાન એકલતાની પીડા ભોગવતાં તેમને પતિની સલાહ યાદ આવે છે.

"પણ કોઈ સાથે ન રહ્યું. એને જે ભય હતો તે સાચો પડ્યો... અહીં આ ઘરમાં પ્રસન્નતાની, આનંદની, મધુર ક્ષણોની જે છલોછલ ભરતી ચડી હતી એમાં એ ડૂબી ગઈ હતી, અને અચાનક એક દિવસ એણે જોયું તો એ કાંઠે ફેંકાઈ ગઈ હતી... નિર્જન રેતાળ કાંઠે એ એકલી બેઠી હતી – સદંતર એકલી." (પૃ. ૪)

**'પ્રેમગલી અતિ સાંકરી' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

વાર્તાકારે સીમાના સંઘર્ષને આત્મકથનાત્મક ઢબે રજૂ કર્યો છે. જન્મીને તરત જ મૃત્યુ પામતાં બાળકોને કારણે તેના હૈયામાં સૂનકાર વ્યાપી ગયો છે. સ્વ સાથે વાત કરતી સીમા મનોમન કહે છે:

"હું જાણતી હતી કે એ તો માત્ર હૈયાના સૂનકારનો જ પડઘો છે. એક ભ્રમણા છે. એનાથી ડરીને આમ મારે સંતાકૂકડી રમવાની જરૂર નથી. મારે મનને બીજામાં પરોવવું જોઈએ." (પૃ. ૧૨૪)

"અને છેલ્લે જ્યારે ડૉક્ટરોએ કહ્યું કે હવે મને ક્યારેય બાળક થવાની શક્યતા નથી, ત્યારે આ ઘા હું જીરવી ન  શકી." (પૃ. ૧૨૧)

**'ચંપાનું ફૂલ' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

એક રાંક કિશોરીની વ્યથા અને સમાજની વાસ્તવિકતા દર્શાવવા લેખિકાએ આંતરિક એકોક્તિનો વિનિયોગ કર્યો છે. ગરીબ પુષ્પા પોતાની દુર્દશા વિશે કોઈને કહી શકતી નથી. આથી મનમાં જ વિચારો કરે છે:

"યાદ નથી ક્યારેય કોઈએ પ્રેમથી નામ પૂછ્યું હોય! શું કામ પૂછે? એક ઠોઠ, ગરીબ, ફાટેલા યુનિફોર્મવાળી દૂબળી છોકરીનું નામ જાણવામાં કોને રસ હોય?" (પૃ. ૧૬૨)

પોતાની આવી પરિસ્થિતિ માટે તે ઈશ્વરનો વાંક કાઢે છે. ભગવાને શા માટે બીજી છોકરીઓને સુખી અને પોતાને ગરીબ ઘરમાં જન્મ આપ્યો? પુષ્પાનો ઈશ્વર તરફનો ક્રોધ દર્શાવવા મનમાં જ ફરિયાદ કરતી બતાવી છે.

"કમસે કમ ઈશ્વરે તો દયામાયા રાખવી જોઈએ ને!... લક્ષ્મીજીનો ખોળો અને એરકન્ડિશન્ડ દરિયામાં સુંવાળા શેષનાગની સેજ; પછી એ શું કામ જાગે?" (પૃ. ૧૫૯)

શાળામાં નવા શિક્ષિકા આવે છે. તે પુષ્પાને અઘરા વિષયો શીખવવાનું વચન આપે છે. તેની સાથે વ્હાલથી વાત કરે છે. તેના સંઘર્ષનું નિવારણ લાવવા લેખિકાએ ભાષાકર્મનો વિનિયોગ કર્યો છે.

"નાનું ઘર આખું ચંપાનાં ફૂલોથી ભરાઈ ગયું હોય એમ મહેકવા લાગ્યું. નક્કી આજે રોજનો જૂનો સૂરજ ઊગ્યો નહોતો, પણ નવો, તેજસ્વી કિરણોવાળો-નહીંતર ઢળતી સાંજે આટલું ઝાકમઝોળ અજવાળું ક્યાંથી!" (પૃ. ૧૬૫)

**'લોલક' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

પીઢ નાનુમા ઉંમરને ગૌણ સમજે છે. તે વર્તમાન સમય સાથે કદમ મેળવીને ચાલે છે. તે જાણે છે કે દીકરી સુધાની પુત્રવધૂ ગર્ભમાં પુત્રી છે. વહુ એનો ગર્ભપાત કરાવવાની છે, તે સાંભળી નાનુમા નિરાશ થાય છે. નાનુમા મોઢે કશું કહી શકતાં નથી, પણ એ વાતને તેઓ પત્ર દ્વારા સમજાવે છે. પોતાની બાળપણની એક ઘટના દ્વારા તે સુધાને સ્ત્રીઓની દશા વિશે માહિતગાર કરે છે. સ્ત્રીની પીડાને આલેખવા પીઠઝબકારનો વિનિયોગ કર્યો છે. એક સ્ત્રીનો જન્મ થતાં જ તેને મારી નાખવી એવી સદીઓ પુરાણી વાત આજના આધુનિક યુગમાં કેટલે અંશે પ્રસ્તુત છે તેનું અહીં નાનુમા વર્ણન કરે છે. આ ઘટના સમગ્ર સમાજ માટે કલંકરૂપ છે

એવો સંઘર્ષ અનુભવે છે. લેખિકાએ તેમની વેદનાને રજૂ કરવા પત્રને માધ્યમ બનાવ્યું છે. પત્રમાં લખેલા તેમના શબ્દો પુરાણકાળ અને વર્તમાન સમયની સ્ત્રીની સ્થિતિને વર્ણવે છે, જુઓ:

"કાશ્મીરાબાએ છાતી ફાટી જાય એવી ચીસ પાડી અને બાપુના પગમાં પડ્યા, પણ બાપુએ એને જે લાત મારી!... એક નાનકડો રૂપાળો લીલીછમ્મ ડાળ જેવો હાથ ઊંચો થયો અને ધીમે ધીમે એય ડૂબી ગયો." (પૃ. ૯૦)

"પણ સમય ક્યાં બદલાયો છે બેટા! વસ્ત્રો બદલાયા છે, વિચારો તો એના એ જ છે....ત્યારે મારી નજર સામે તો મન ઊડીને પહોંચી ગયું હતું બાપુના ફળિયામાં. એ ઉદાસીની ભૂખરી સાંજ, કાશ્મીરાબાની હ્રદયવિદારક ચીસ અને કુમળી બાલિકાનો ડૂબતાં ડૂબતાં આકાશ તરફ લંબાયેલો નાનકડો ગોરો હાથ." (પૃ. ૯૧)

**'ચૌદમી પૂતળીની વાર્તા' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

આ કથાનકને રજૂ કરવા માટે લેખિકાએ પુરાકલ્પનનો સહારો લીધો છે. વાર્તા પરાક્રમી રાજા વિક્રમની પુરાણી વાત પર આધારિત છે. આ કથાને નવીન સ્વરૂપે રજૂ કરી છે. આ વાર્તામાં લેખિકાએ અબોલ પૂતળીને બોલતી બતાવી છે. વર્ષો સુધી સિંહાસનને પાયે વળગી રહેલી પૂતળીને મુખે સંવાદો રજૂ કર્યા છે. જેમાં તેની પીડા અનુભવી શકાય છે.

"મને પણ એટલી જ ઉતાવળ છે. વર્ષો... મેં કેટલી ગૂંગળામણ અનુભવી છે તે હું જ જાણું છુ. મારે પણ ખુલ્લા ભૂરા આકાશમાં પાંખો પ્રસારી ઊડવું છે." (પૃ. ૧૧૮)

**'જોડકું' (અનુરાધા, ૨003)**

સમાજમાં રૂઢ થઈ ગયેલ માન્યતાઓને નાબૂદ કરવી કેટલી અઘરી છે તે આ વાર્તામાં દેખાય છે. આ નિર્દેશન માટે લેખિકાએ વક્રતા પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. પુત્રપ્રાપ્તિની એષણામાં પરિવાર એટલો ઘેલો થઈ જાય છે કે તે પધારેલી પુત્રીઓનો પણ

સત્કાર કરી શકતો નથી. આ વાતને વાર્તામાં સુંદર રીતે વણી લીધી છે અને સ્ત્રીની વેદનાને રજૂ કરાઈ છે.

"નંદિનીને આજે પણ સાસુનો ચહેરો યાદ છે. અંદર આવ્યાં, પારણામાં બાળકીઓને જોઈ રાજી થયાનો દેખાવ કરી બોલ્યાં હતાં: "લ્યો માંગણાંવાળી આવી." (પૃ. ૪૩)

"નંદિનીનાં મમ્મી દાખલ થયાં કે એ તરત બોલ્યાં હતાં, "આવો વેવાણ. કેવું મજાનું જોડકું છે! દીકરાઓ હોત તો લવકુશ નામ પાડત." (પૃ. ૪૩)

**'એક જાત અસ્ત્રીની' (અનુરાધા, ૨૦૦૩)**

લેખિકાએ બન્ને સ્ત્રીઓની આપવીતીને રજૂ કરવા સહોપસ્થિતિનો વિનિયોગ કર્યો છે. લક્ષ્મી વરનો માર ખાઈને સૂઈ ગઈ ત્યારે જ સ્મિતા આવીને તેને મળે છે. બન્નેની નજર મળતાં જ એક જ નાવમાં સવાર સ્ત્રીઓ એકબીજાને સમજી જાય છે. સામાજિક અને આર્થિક સ્થિતિમાં અંતર હોવા છતાં બન્નેને એકસરખી પીડા ભોગવવાની આવે છે.

"છાતી પર ઢળેલું મોં સ્મિતાએ ઊંચું કર્યું અને લક્ષ્મી સામે જોયું. એ હબકી ગઈ. દર્પણમાં એ પોતાને તો નહોતી જોઈ રહી? એના વાળ ખસી ગયા હતા અને લાલચોળ સૂજેલો કાન દેખાતો હતો. લક્ષ્મીની આંખ અને હૈયું ભરાઈ આવ્યાં. સ્મિતાએ નજર ઢાળી દીધી." (પૃ. ૧૮૧-૧૮૨)

**'ઔરત સબ એક્સ્ટ્રા' (અનુરાધા, ૨૦૦૩)**

એક્સ્ટ્રા નૃત્ય કરનાર યુવતીના જીવનની કરુણતાને દર્શાવવા લેખિકાએ સુનિતાની મિત્ર ઝરીનાને મુખે સંવાદ મૂક્યો છે. જેમાં તેની વેદના રજૂ થઈ છે.

"ફીર? દેખ તેરે સામને પડી હૂં ના ઈધર! પહેલા બોલાના તેરેકું એક્સ્ટ્રા કા નસીબ ભી એક્સ્ટ્રા, અપુન કા પેટ ભરનેકા, દાદીકો દેખનેકા. અલ્લાકો જો મંજૂર હૈ." (પૃ. ૬૨)

સુનિતા પર જબરદસ્તી થાય છે. તેની પીડાને વર્ણવવા લેખિકાએ વર્ણનો આપ્યાં છે.

"તૂટેલી મોતીની માળાની જેમ એ નીચે વેરાઈ ગઈ... અંદરના ખંડમાંથી ગાળનો પથ્થર જેવો ઘા થયો, બડી સુપરસ્ટાર બનતી હૈ સાલી. ઔરત સબ એક્સ્ટ્રા." (પૃ. ૬૯)

આ જૂથમાં સ્ત્રીઓની પીડાને રજૂ કરવા વિભિન્ન પ્રયુક્તિઓનો વિનિયોગ છે. આ દરેક પ્રયુક્તિ સ્ત્રી-પાત્રોની પીડાને ઘેરું પરિમાણ આપે છે. લગ્નભંગની વેદનાને દર્શાવવા પીઠઝબકાર પ્રયુક્તિનો વિશેષ ઉપયોગ છે. વિકલાંગ બાળકોની માતાઓની વેદનાને પીઠઝબકાર થકી ઘેરું પરિમાણ મળ્યું છે. પતિના મૃત્યુ બાદ તેની યાદોને વાગોળવા નાયિકાઓ ભૂતકાળની સફરે જાય છે. વંદના અને અપર્ણાની લગ્નભંગની વેદનાને પૂર્વલગ્નની યાદોમાં સાંકળી લીધી છે.

બળાત્કારની પીડા સહેતી 'ભાગ્યનું લખત'ની રાજરાણીની પીડા ખાલી ઘડાના પ્રતીકથી સમજાય છે. આખા ઘરનો મૂંગો ભાર વેઠતી 'ઘંટી'ની  હેમા પોતે જ ઘંટી બની ગઈ છે. જોડિયાં પુત્રીઓની માતા નંદિનીને સાસુનાં વક્રબાણો સહેવાં પડે છે. ગરીબ અને અભણ લક્ષ્મી અને સુશિક્ષિત સ્મિતાની પીડાને સહોપસ્થિતિની પ્રયુક્તિ થકી સુપેરે વર્ણવી છે. સીમાની બાળકની ઝંખના આત્મકથન સ્વરૂપે વહે છે.

## જૂથ-૨ : ઉદાસી

આ જૂથમાં ૧૦ વાર્તાઓનો સમાવેશ કર્યો છે. આ અંતર્ગત ૮ વાર્તાઓમાં સ્ત્રીપાત્રોની ઉદાસીને દર્શાવવા પ્રયુક્તિઓનો વિનિયોગ કર્યો છે. સ્ત્રીપાત્રોની ઉદાસીને ભિન્ન પ્રયુક્તિઓ દ્વારા વધુ અસરકારક કરી છે. 'અનુરાધા' નામની બે સ્ત્રીઓ ભિન્ન કારણોસર ઉદાસ થાય છે. 'સાંજને ઉંબર'ની અનુરાધા પતિ સાથે મતભેદ થતાં માવતર પાસે પાછી આવી છે. અનુરાધાને પિયરમાં હૂંફ અનુભવાતી નથી. લગ્ન પહેલાના અને અત્યારના પોતાના સ્થાન વિશે

વિચારતાં તે નિરાશ થાય છે. તેની ઉદાસીને પીઠઝબકારની પ્રયુક્તિ થકી તીવ્ર કરી છે. માનસશાસ્ત્રની અધ્યાપિકા અને કુંવારી 'અનુરાધા' દીકરીઓને અભ્યાસ પડતો મૂકીને લગ્ન કરતાં જુએ છે. નાની વયે સંસારમાં ખૂંપીને પોતાનાં રસ-રુચિ તરફ બેધ્યાન બની જતી છોકરીઓ માટે ઉદાસ થાય છે. નવોઢા કૃષ્ણા લગ્નના બીજા જ દિવસે શૈશવ અને પિયર-ઘરની યાદોમાં ખોવાઈને ઉદાસ થાય છે. તેની ઉદાસીને વાર્તાકારે પીઠઝબકારની પ્રયુક્તિથી નિરૂપી છે.

'બંધ ખાનું'ની ઇન્દુને શૈશવ અને યૌવનના સાક્ષી ટેબલની માયા છે. આધુનિક બાળકો એની એ સ્મૃતિની દરકાર નથી કરતાં એથી તે ઉદાસ છે. એની ઉદાસીને આત્મકથનાત્મક પ્રયુક્તિથી વર્ણવી છે. વિધવા ચિત્રાની ઉદાસીને પત્રનું માધ્યમ બનાવીને સફળતાપૂર્વક રજૂ કરી છે. રજની શ્રવણની કાવડની જેમ બહેન તરુનો ભાર ઊંચકી રહી છે. જીવનના આખરી પડાવ સુધી તરુની સંભાળ કરવાની તેની તૈયારી છે પરંતુ, ભાઈ-ભાભીના સ્વાર્થી વિચારો તેને ઉદાસ કરે છે.

'એક પ્રણયકથાનો અંત એટલે કે આરંભ'ની અમિતા પતિના ભૂલકણા સ્વભાવને લીધે ઉદાસ છે. પતિ-પત્ની વચ્ચેનો સંવાદ અને તેમાંની વક્રોક્તિ તેની ઉદાસીને વધારે છે. 'ચલતે ચલતે'માં નીરુબહેન અને રેશમા સાસુ-વહુ છે. બન્નેની વિરુદ્ધ વિચારસરણીને સહોપસ્થિતિ દ્વારા રજૂ કરી છે. બન્નેનું એકબીજા તરફનું ઉદાસીન વલણ આ પ્રયુક્તિથી વર્ણવ્યું છે. આ ઉપરાંત સ્ત્રીની ઉદાસી દર્શાવવા સહોપસ્થિતિ, વક્રતા અને પ્રતીકનો ઉપયોગ કર્યો છે. જૂથની બે વાર્તાઓ 'મોગરાની સુગંધ' અને 'કુંડાળામાં પગ'માં વિશિષ્ટ પ્રયુક્તિનો વિનિયોગ નથી.

**‘અનુરાધા’ (અનુરાધા, ૨૦૦૩)**

લેખિકાએ અનુરાધાનો સંઘર્ષ દર્શાવવા પીઠઝબકારની પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. ભૂતકાળની સ્મૃતિઓને આધારે તે વાતોને વાગોળે છે. લગ્ન પહેલાં પરિવારજનો પોતાની દરેક વાત આંખ મીંચીને માનતાં હતાં. આજે એ દરેક સભ્યોનાં વર્તનમાં અણદેખીતું કશુંક ખટકતું હોય એમ તેને લાગે છે.

“ઘર? કોનું ઘર? જે ઘરનો ઉંબર ઓળંગીને એ એક દિવસ ચાલી ગઈ હતી, એ જ ઘર આ હતું?” (પૃ. ૪)

“છૂટાછેડા થઈ ગયા પછી પપ્પાએ કહ્યું હતું આ તારું જ ઘર છે. ઘર પણ એ જ હતું. સ્વજનો અને એ પોતે પણ એ જ હતી. છતાં કશુંક નરી આંખે ન દેખાય, મોસમના બદલાવ જેવું બદલાયું હતું.” (પૃ. ૫)

**‘અનુરાધા’ (સાંજને ઉંબર, ૧૯૮૩)**

અનુરાધાના સંઘર્ષને વર્ણવવા લેખિકાએ પીઠઝબકારનો વિનિયોગ કર્યો છે. આ પ્રયુક્તિથી તેની ઉદાસી ઘેરી થાય છે. છોકરીઓને અધૂરા ભણતરે પરણાવી દેવાની ઘટના દરેક વર્ષે બને છે, જે યાદ આવતા તેને સંઘર્ષ થાય છે. જે તેના વિચારોમાં દેખાય છે:

“આટલાં વર્ષના અધ્યાપનના અનુભવમાં ઘણી બધી શુભદાઓ આમ જ પરણીને ચાલી ગઈ હતી. કૉલેજનું નવું સત્ર ખૂલતાં જ ગયા વર્ષના ઘણા પરિચિત ચહેરાઓ વર્ગમાં દેખાતા નહીં. એ એમના વિશે પૂછતી, ત્યારે ખબર પડતી એમાંની લગભગ બધી જ છોકરીઓ લગ્ન કરી ‘ઠેકાણે’ પડી ગઈ હતી, અને પછી જીવનના નકશા પરથી ભૂંસાઈ જતી.” (પૃ. ૪૦)

**'ગુડ મોર્નિંગ, મિસિસ દેસાઈ!' (એંધાણી, ૧૯૮૯)**

નવપરિણીત કૃષ્ણાને સાસરે ગોઠતું નથી. તે પિયરની યાદો ભૂલી નથી શકતી. તેના સંઘર્ષને દર્શાવવા માટે લેખિકા તેને ભૂતકાળમાં લઈ જાય છે. આ પ્રયુક્તિ તેની ઉદાસીને ઘેરી બનાવવા મદદરૂપ થાય છે.

"વીસ વરસ સુધી એક એક વસ્તુ ભેગી કરી ખંડ ગોઠવતી આવી હતી. પોતાનું વિશ્વ રહ્યું હતું. અને કાલે લગ્નનાં ઘોડાપૂરમાં ક્ષણમાત્રમાં એનું વિશ્વ તણાઈ ગયું હતું." (પૃ. ૩૩)

**'બંધ ખાનું' (એંધાણી, ૧૯૮૯)**

ઇન્દુનાં સંસ્મરણોની યાદ આત્મકથનાત્મક ઢબે વર્ણવી છે. બાળપણથી કિશોરાવસ્થા સુધીની સફર તે પોતાના શબ્દોમાં વર્ણવે છે. તે બાળપણનાં ચાવીરૂપ સ્મરણોને ભૂલવા નથી માગતી. આ ખાનાની બાળકોને પડી નથી એ વાતે તે ઉદાસ થાય છે.

"નાનકડી ઇન્દુ કિશોરી બની. પછી પ્રગલ્ભ પ્રેમિકા–સઘળો સિલસિલાબંધ ઇતિહાસ આ મારા બંધ ખાનામાં હતો... ખોદકામ કરતાં એ સંસ્કૃતિના અવશેષ આજે મને મળી આવ્યા હતા." (પૃ. ૧૬૬)

ઇન્દુની ઉદાસીને ઘેરી કરવા લેખિકાએ પીઠઝબકારનો વિનિયોગ કર્યો છે.

**'એક પત્ર' (અનુરાધા, ૨૦૦૩)**

શશાંકના અચાનક નિધન પછી ચિત્રા માટે જીવન મુશ્કેલ બની રહ્યું. ચિત્રાના સંઘર્ષને વાચા આપવા માટે લેખિકાએ પત્ર પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. ચિત્રાએ મૃત પતિને એક પત્ર લખીને તેની ઉદાસી વહેંચી છે. પોતાને પડેલી તકલીફોને રજૂ કરવા તેણે પત્રનો સહારો લીધો છે.

**‘શ્રાવણીની કાવડ’ (અનુરાધા, ૨૦૦૩)**

લેખિકાએ રજનીના સંઘર્ષને દર્શાવવા પ્રતીકનો વિનિયોગ કર્યો છે. રજની એક પ્રતીક છે જે શ્રવણની જેમ પોતાની અપંગ બહેનની આજીવન સેવા કરે છે. આ માટે તે કુંવારી રહીને યૌવનનું બલિદાન આપે છે અને બદલામાં કાંઈ જ ઇચ્છતી નથી. વર્ષો પહેલાં અમેરિકા જઈને સેટ થઈ ગયેલો ભાઈ હવે તેની ગરજ છે એવા સમયે તેને લેવા આવે છે. રજની તરુને ખાતર સ્પષ્ટ નનૈયો ભણી દે છે. તરુને સાચવવાની પિતાએ અંતિમ સમયે આપેલી જવાબદારીને એ છેવટ સુધી નિભાવવા માગે છે.

“તીરની જેમ એ શબ્દો છાતીમાં ખૂંપી ગયા. સ્વસ્થતાનું કવચ ભેદાઈ ગયું. તાકીને વળતો ઘા કરતી હોય એમ એ બોલી, કશો વાંધો નહીં. મારા ખભા મજબૂત છે ભાભી.” (પૃ. ૧૯૯)

**‘એક પ્રણયકથાનો અંત એટલે કે આરંભ’ (એંધાણી, ૧૯૮૯)**

અવિનાશને પાંચમી લગ્નતિથિ યાદ નથી. આથી અમિતા ઉદાસ છે. તેણે પોતાની બહેનપણી સાથે શરત લગાવી છે. જો અવિનાશને આજનો દિવસ યાદ નહીં આવે તો મિત્રવર્તુળમાં તે હાંસીપાત્ર બનશે. આથી તે ગુસ્સે થાય છે. વાર્તામાં પતિ-પત્નીના સંવાદમાં વચ્ચે વક્રતા મૂકી છે. અવિનાશનાં આ વાક્યો અમિતાની ઉદાસી વધારે છે.

“અમી, આજે સવારથી તું આમ ઘડી ઘડી અજંતા-ઈલોરાના પોઝમાં કેમ ઊભી રહી જાય છે?” (પૃ. ૧૮૩)

“અને જેને કારણે આબરૂ જવાની હતી, દિલ તૂટવાનું હતું, એ માણસ એરકન્ડીશન કૅબિનમાં નિરાંતે ગરમ કૉફીના ઘૂંટ ભરતો હતો.” (પૃ. ૧૮૭)

**'ચલતે ચલતે' (અનુરાધા, ૨૦૦૩)**

વાર્તામાં વિરોધાભાસ નિરૂપવા માટે લેખિકાએ સહોપસ્થિતિ પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. આ વાર્તાનાં બંને પાત્રો એકબીજાથી વિરોધી પ્રતિભા ધરાવે છે. તેમની પરિસ્થિતિને સામસામે મૂકીને સંઘર્ષ દર્શાવ્યો છે. જૂનાં મૂલ્યો અને સંસ્કારોને છોડી ન શકતી સાસુ અને તેને અપનાવી ન શકતી વહુ બન્ને સંઘર્ષ અનુભવે છે. નીરુબહેનના શબ્દોમાં રેશમા તરફનો સંઘર્ષ અનુભવાય છે.

"જોયું? એક અક્ષરેય બોલી? આટઆટલું રાંધ્યું, મને એમ કે એ બિચારાંને આવું કોણ જમાડે? મને થેંકયુ ને ટેસ્ટી સિવાય કાંઈ કીધું? પ્લેટ મૂકવાય ઊભી થઈ? અરેરે! બિચારા તુષારની હાલત શી થતી હશે!" (પૃ. ૧૨૭)

સામે છેડે રેશમા પણ જૂનવાણી સાસુ માટે એક પ્રકારનો પૂર્વગ્રહ રાખીને ચાલે છે. એ સાસુ સાથે સીધી રીતે તો સંઘર્ષમાં ઉતરતી નથી, પણ તેની તુષાર સાથેની ફરિયાદમાં આ દેખાય છે.

"જોયું, તુષાર! કેટલો પૂર્વગ્રહ છે મારા માટે! કંઈ બોલ્યા પપ્પા-મમ્મી મારી સાથે? તારી જેમ આ ખા અને તે ખા એવું કંઈ કર્યું? અને એક તું છે કે એમની પસંદનું મને પહેરાવી ઢીંગલીની જેમ મને લઈ જાય છે." (પૃ. ૧૨૭)

વાર્તાકારે આ જૂથની સ્ત્રીઓની ઉદાસીને વર્ણવવા ભિન્ન પ્રયુક્તિઓ આપી છે. પીઠઝબકારથી સ્ત્રીઓ પોતાના જીવનનો પૂર્વાર્ધ યાદ કરે છે અને ઉદાસ થાય છે. યુગલના સંવાદમાં વક્રોક્તિ મૂકીને સ્ત્રીની ઉદાસીને ઘેરી કરી છે. બે પેઢી વચ્ચેના અંતરને કારણે અનુભવાતી ઉદાસીને સહોપસ્થિતિના માધ્યમથી અસરકારક બનાવી છે. પ્રતીક અને આત્મકથનાત્મક રીતિ સ્ત્રીની ઉદાસીને પ્રભાવક બનાવે છે.

**જૂથ-3 : ધૃણા**

આ જૂથમાં ૯ વાર્તાઓનો સમાવેશ કર્યો છે. જેમાં સ્ત્રીપાત્રોની અન્ય પાત્રો તરફની ધૃણાને વર્ણવી છે. ધૃણાનું સંવેદન રજૂ કરવા માટે વાર્તાકારે પ્રયુક્તિઓનો વિનિયોગ કર્યો છે. દામ્પત્યજીવનમાં થતી ચણભણને કારણે પતિ તરફ ધૃણા ધરાવતી સ્ત્રીઓની ધૃણાને પ્રતીક પ્રયુક્તિ ઘેરી બનાવે છે. ‘મુક્ત કારાગાર’ની અવની વર્ષો સુધી પતિનું પડખું સેવે છે. હવે તેને જાણ થાય છે કે પતિનો પ્રેમ કેવળ એક મહોરું હતો ત્યારે તે એને ધૃણા કરે છે. અતીતની યાદોમાં ખોવાયેલી તે પરિતોષના દરેક વર્તનનો તાળો મેળવે છે. આજે તે સમજી શકી છે કે પોતે પતિની સફળતા માટેનું એક પગથિયું માત્ર હતી! તેની ધૃણા પીઠઝબકાર વડે રજૂ થઈ છે.

બહેરી-મૂંગી બાળકી તરફ પતિનું વર્તન જોતી શાંતાને સહજ રીતે પતિ પ્રત્યે ધૃણા થાય છે. એ રજૂ કરવા પત્રનો સહારો લીધો છે. પતિ ચિન્મય તો મૃત્યુ પામે છે, પણ એની પાછળ એક જીવતો જખમ મૂકી જાય છે. જે પતિની પ્રેમિકારૂપે અંજનાને જીવનભર ખૂંચતો રહેવાનો છે. અંજનાની ધૃણાને સલોનીરૂપે પ્રગટ કરવા પુરાકલ્પનનો સહારો લીધો છે. ‘એનઘેન ડાહીનો ઘોડો’ વાર્તામાં કોઈ વિશિષ્ટ પ્રયુક્તિનો વિનિયોગ નથી. ‘શીરો’ અને ‘મંગળસૂત્ર’નું પ્રતીક સ્ત્રીની ધૃણાને અસરકારક બનાવે છે. ‘જેલની ઊંચી તોતિંગ દીવાલો’માં પ્રતીકના પ્રયોગથી સ્ત્રીની કેદીઓ પ્રત્યેની ધૃણા વેધક બની છે. પોતાનું મન હળવું કરવા શાંતાએ પત્રનો પ્રયોગ કર્યો છે. ‘ઓ રંગરસિયા’માં સ્ત્રીનો ગેરફાયદો ઉઠાવનાર પુરુષો તરફ ધૃણા અનુભવે છે.

**‘શીરો’ (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

વાર્તામાં શીરાને પ્રતીક તરીકે લઈને વાર્તાને આગળ ધપાવી છે. કુસુમને શીરો ખૂબ ભાવતો હતો. પણ ક્યારેય પેટ ભરીને ખાવા મળ્યો ન હતો. રોજ વરના હાથનો માર ખાઈને થાકેલી કુસુમ એક દિવસ પતિનું ખૂન કરી નાખે છે. પછી શીરો બનાવવા બેસે છે. શીરો

શેકવાની એક સામાન્ય પ્રક્રિયા જાણે તેના માટે મુક્તિનો શ્વાસ લઈને આવે છે. શીરો તેની પતિ તરફની ધૃણાનું શમન કરવા ઉપયોગી છે.

"ધીમે તાપે લોટ ખાસ્સો શેક્યો, ઘીની ધાર કરી... ગરમ પાણી રેડ્યું. છમ્મ. ખાંડ નાખી અને હલાવવા લાગી... આજે તો પેટ ભરીને પોતે ખાશે–જાણે ચૂંથણ્યા ભોગવ્યાં તે વસૂલ. શીરાની સુગંધથી એ આખી શીરામય બની ગઈ... શીરાએ ગુલાબી રંગ પકડવા માંડ્યો હતો અને એ અધીરી બની ગઈ હતી. પેટમાં જાણે લાહ્ય લાગી હતી." (પૃ. ૧૭૪)

**'મંગળસૂત્ર' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

વાર્તામાં મંગળસૂત્ર એક પ્રતીક તરીકે વપરાયું છે. 'સૌભાગ્યની નિશાની' ગણાતું મંગળસૂત્ર નીના અને ઈશાનની વચ્ચે સેતુ બની શકતું નથી. આથી ઈશાનને ધૃણા કરતી નીના પોતાનું મંગળસૂત્ર ઘરે જ મૂકીને જાય છે. તે હૉસ્ટેલમાં આશરો લે છે. પણ, પુરુષોની વિકૃત નજરોથી બચવા તેને મંગળસૂત્રનો સહારો લેવો જ પડે છે. આથી જ વિધવા અને સરકારી નોકરી કરતી અને પોતાને સધવા તરીકે ઓળખાવતી જ્યોતિ કહે છે,

"સાલ્લાઓને મહાત કરું છું, એમના જ હથિયારથી."... "લે, પહેરી લે તારું સુરક્ષા કવચ." (પૃ. ૯૩)

**'જેલની ઊંચી તોતિંગ દીવાલો' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

ચંદનના સુબંધુ સાથેના સંઘર્ષને વર્ણવવા લેખિકાએ પ્રતીકનો વિનિયોગ કર્યો છે. વાર્તામાં જેલની દીવાલો પ્રતીક તરીકે વપરાઈ છે. જેમ કેદીનો એ દીવાલોમાં દમ ઘૂંટાઈ જાય છે, તેવી જ રીતે ચંદન પણ અહીંના વાતાવરણથી ત્રસ્ત થઈ ગઈ છે. તે પોતાને એક કેદી કરતાં ઓછું આંકતી નથી.

"અને ચંદન દૂર એકીટસે તાકતી ઊભી હતી. એ ઊંચી તોતિંગ જેલની દીવાલોને, જેણે એના જીવનને પણ ઘેરી લીધું હતું." (પૃ. ૨૧)

ચંદન જે શિષ્ટ સમાજમાંથી આવે છે, ત્યાં આ વાતાવરણ હોતું નથી. જેલ અને કેદીઓ વચ્ચે રહેવું તેને માફક આવતું નથી. આ વિધાનમાં કેદીઓ તરફની તેની ઘૃણા ઉપસી આવતી દેખાય છે.

"...ચંદન અવાક્ ઊભી હતી. પોતાની ચિરપરિચિત દુનિયાથી દૂર જંગલી પશુઓથી ભરેલા અઘોર વનમાં એ આવી ચડી હતી." (પૃ. ૨૩)

**'મુક્ત કારાગાર' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

લેખિકાએ અવનીનો સંઘર્ષ દર્શાવવા પીઠઝબકારની પ્રયુક્તિ નિરૂપી છે. જેલની સજા ભોગવી બહાર નીકળેલી અવની એ દિવસ અને ઘટના યાદ કરે છે. પાંચ વર્ષ પહેલાં તે કેદારનું ખૂન કરી જેલમાં આવી હતી. પરિતોષનો સાચો ચહેરો જોવા માટે લેખિકા વાર્તાને ભૂતકાળમાં લઈ ગયાં છે અને તેના થકી જ અવનીનો સંઘર્ષ ઘેરો બને છે.

"હર વસ્તુને મૂલવવાનો નવો માપદંડ અચાનક એને સાંપડ્યો હતો. ભૂતકાળને દરવાજે ઊભા રહી, હર નાની મોટી વાતોની ઊથલાવીને જુદી રીતે તે માપતી હતી." (પૃ. ૬૨)

અવની જુએ છે કે પોતાના ઉપર શી વીતી છે તેનો પરિતોષને એક ક્ષણ માટે પણ વિચાર નથી આવ્યો. તેનો અફસોસ દર્શાવવા લેખિકાએ પીઠઝબકારની પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે.

"આ... આ... પરિતોષની એ ઉત્કટપણે પ્રતિક્ષા કરતી હતી? આ જ એ માણસ હતો, જેની સાથે એ વર્ષો સુધી રહેતી હતી, જેને અશેષપણે જીવનનું સર્વ સમર્પિત કરી ચૂકી હતી! આજે પહેલી જ વાર એને પ્રશ્ન થયો કે શું એ એને ઓળખતી હતી?" (પૃ. ૬૧)

**'સતી' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

નાયિકાની પતિ તરફની ઘૃણાને દર્શાવવા લેખિકાએ પીઠઝબકારનો ઉપયોગ કર્યો છે. નાયિકા પતિથી કેટલી હદે ત્રસ્ત હશે એ ભૂતકાળની આ ઘટના પરથી જાણી શકાય છે.

"એ કાળઝાળ થઈ ગઈ હતી. સૌ ડરીને ખસી ગયા હતા... નાલાયક પતિની લાશ. છૂંદાયેલું માથું અને લોહીનું ખાબોચિયું. ચટણી વાટવાનો પથ્થર બાજુમાં જ પડ્યો હતો. લોહીવાળા પથ્થર પર વાળ ચોંટ્યા હતા. એ ખડખડાટ હસી હતી." (પૃ. ૫૯)

**'અમે રે ઊડણ ચરકલડી' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

લેખિકાએ શાંતાના સંઘર્ષને પત્ર પ્રયુક્તિથી રજૂ કર્યો છે. નાયિકાએ વારાફરતી પોતાની સખી રમા અને પતિને પત્રો લખ્યા છે. આ પત્રોમાં તેની એકલતાની વેદના છે. અનંતની શ્યામા તરફની નિષ્કાળજી આ પત્રોમાં રજૂ થઈ છે. શ્યામા અનંતની જ દીકરી છે છતાં તેને શ્યામા માટે સ્નેહ નથી એ વાતે શાંતાને અનંત તરફ ધૃણા થાય છે. પોતાની જ પિંડ શ્યામા તરફ અનંતની બેદરકારી તેની ધૃણાને વધારે છે.

"તમે ક્યારે પાછા ફરશો એમ આતુરતાથી લખું તોય તમે જલદીથી પાછા થોડા આવશો?" (પૃ. ૧૭૩)

"શ્યામાને મૂકીને લાંબો સમય જવું મારા માટે શક્ય નહોતું. એની ભાષા, જરૂરિયાતો અને લાગણી હું જ સમજી શકું છું. એને સાથે લઈ લેવાની વાત તમને જચી નહોતી. એ તરત મારા ખ્યાલમાં આવ્યું. તમારે જે રીતે ત્યાં રહેવું હતું, એમાં શ્યામાનું સ્થાન નહોતું." (પૃ. ૧૭૩)

**'તપશ્ચર્યા' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

અંજના ચિન્મયના મોત બાદ જાણે છે કે સલોની તેની પ્રેમિકા હતી. ચિન્મય ચાલ્યો ગયો છે પણ સલોનીનું નામ અંજના માટે મૂકતો ગયો છે. મૃત છતાં જીવંત એવો અશ્વત્થામા જેમ હંમેશ ભટક્યા કરે છે તે જ પ્રકારે સલોનીનું નામ પણ તેની ચિત્તમાં ઘૂમ્યા કરશે એ વાતે તે દુ:ખી થાય છે. પુરાકલ્પનની પ્રયુક્તિ અંજનાની ચિન્મય તરફની ધૃણાને વેગ આપે છે.

"મૃત્યુ પામીનેય એનો અંશ જીવતો રહેવાનો હતો, પણ એના જીવનના પરિઘની બહાર. નિરંતર એક નામ, ઘટના, સ્મૃતિ છાતી પર ઘા કરતા જ રહેશે. કદી ન રુઝાતો ઘા લઈ અશ્વત્થામાની જેમ એ જીવશે." (પૃ. ૧૦૮)

લેખિકાએ અંજનાની મનોવેદનાને વાચા આપવા માટે ભાષાકર્મનો આધાર લીધો છે. બેવફા પતિની સચ્ચાઈ આજે તેની સામે આવી છે. ચિન્મયના સુખમાં અત્યાર સુધી પોતાને સૌથી વધુ સુખી સમજતી અંજના જાણે આજે અચાનક ગરીબડી બની ગઈ હોય એમ અનુભવે છે. ચિન્મય પ્રત્યેનો ક્રોધ આ વાક્યમાં દેખાય છે:

"સ્વર્ગની અધિષ્ઠાત્રી દેવી પલકમાત્રમાં બિચારી બાપડી બની ગઈ હતી. છાતીમાં બળબળતા રણની લાહ્ય લાગી ગઈ હતી. આંખ-કાન-મોંમાં ચિન્મય નામની રેતી ભરાઈ ગઈ હોય એમ બેય હાથે ચિન્મયના શબને ઘરબહાર ફગાવી દેવાની તીવ્ર ઇચ્છા થઈ આવી." (પૃ. ૧૦૫)

**'ઓ રંગરસિયા!' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

રાનીને ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો કડવો અનુભવ થાય છે. ફિલ્મો સાથે સંકળાયેલા મોટા કહેવાતા ડાયરેક્ટરો તેનો ભરપૂર ઉપયોગ કરવા ઇચ્છે છે. એમના તરફની ઘૃણા દર્શાવવા વર્ણનો આપ્યાં છે.

"રાની ગભરાઈને ચારે તરફ જોતી, માણસો જ માણસો, કોઈ દૂરથી, નજીકથી તાકે, જુએ, માલની પરખ કરવા ગોળગોળ ફેરવી જુએ... મુસ્કાનકો ક્યા કરે આન્ટીજી. જરા લચીલાપન... વો બાત હોની ચાહિયે વો... નહીં સમજી! ફિલ્મ ઈન્ડસ્ટ્રીમેં ભોલાપન નહીં ચલતા. સીખ જાયેગી, ધીરે ધીરે સબ સીખ જાયેગી." (પૃ. ૧૦૦)

**'એનઘેન ડાહીનો ઘોડો' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

આ વાર્તામાં વિશેષ પ્રયુક્તિ નથી.

સ્ત્રીઓને અનુભવાતા ધૃણાના સંવેદનને રજૂ કરતાં જૂથમાં વિભિન્ન પ્રયુક્તિઓનો વિનિયોગ છે. આ દરેક પ્રયુક્તિ સ્ત્રીપાત્રોની અન્ય પાત્રો તરફની ધૃણાને વધુ અસરકારક બનાવે છે. કુસુમ, નીના અને ચંદનની ધૃણાને પ્રતીકરૂપે વર્ણવી છે. રાનીની પુરુષપાત્ર તરફની ધૃણાને વર્ણનો થકી શબ્દદેહ આપ્યો છે. અંજનાની ધૃણાને પુરાકલ્પનથી વર્ણવી છે. શાંતાએ અનંત તરફનો પોતાનો ભાવ સખીને પત્રમાં લખી મોકલ્યો છે.

## જૂથ-૪ : તિરસ્કાર

સ્ત્રી-પાત્રોને અનુભવાતા તિરસ્કારના જૂથમાં ૯ વાર્તાઓ છે. જેમાં સ્ત્રી-પાત્રોનો અન્ય પાત્રો તરફનો તિરસ્કાર દર્શાવવા માટે વાર્તાકારે પ્રયુક્તિઓનો વિનિયોગ કર્યો છે. 'મારી નીની' અને 'જખમમાંથી લોહી'ની નાયિકાઓનો માતા તરફનો તિરસ્કાર વર્ણવવા પીઠઝબકારનો વિનિયોગ કર્યો છે. પુષ્પાબહેનનો ભૂતકાળ તેમની નજર સમક્ષ આવતા પતિએ કરેલ દગો યાદ આવે છે. પીઠઝબકારની પ્રયુક્તિ પતિ તરફનો તિરસ્કાર ઘેરો કરવામાં સહાય કરે છે

'તેં હજી જવાબ ન આપ્યો?'ની પુષા વિવેકનો અન્ય સ્ત્રી સાથેનો સંબંધ જાણે છે. તે પતિ તરફના તિરસ્કારને કારણે કટાક્ષપૂર્ણ વાક્યો બોલે છે. સમાજના મોભાદાર વ્યક્તિઓની માનસિકતા જાણીને પ્રમિલાને તેમના માટે તિરસ્કાર થાય છે. દીપમાળનું પ્રતીક બનીને તેનું નિરાકરણ લાવે છે. 'બટમોગરો'ની નાયિકા દીકરીના શકને દૂર કરવા પત્રનો સહારો લે છે. નયનાનો તિરસ્કાર ભાષાકર્મના વિનિયોગથી ઘેરો બન્યો છે. વક્રોક્તિની પ્રયુક્તિથી વૈશાલીનો તિરસ્કાર વધુ અસરકારક બન્યો છે. લાગણીહીન પતિ તરફનો નયનાનો તિરસ્કાર ભાષાકર્મથી વધુ ઘેરો થયો છે. 'ચક્કર'માં કોઈ વિશિષ્ટ પ્રયુક્તિનો વિનિયોગ દર્શાવ્યો નથી.

**'સંબંધ અથવા બીજું કશું નહીં' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

પુષ્પાબહેન યુવાનીમાં પતિની બેવફાઈનો ભોગ બન્યાં છે. તે પતિને તિરસ્કારે છે. તેમના સંઘર્ષનો અનુભવ કરાવવા માટે લેખિકાએ પીઠઝબકારનો ઉપયોગ કર્યો છે.

"સમાધાન! ના. ક્યારેય નહીં. છેલ્લા શ્વાસ સુધી નહિ. ભલે પિયરમાં કોઈ ઓથ નહોતી. એ અભણ હતી, પણ જ્યારે નાનકડા રજતને લઈ એણે પતિનું ઘર છોડ્યું ત્યારે એ મનમાં ગાંઠ વાળીને નીકળી હતી- હવે આ ઘરમાં ક્યારેય પગ નહીં મૂકું." (પૃ. ૯૫)

**'જખમમાંથી લોહી' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

સલોનીના પિતા સામાન્ય માણસ હતા. આથી ઉચ્ચ શોખ ધરાવતી માતાને તેમની તરફ તિરસ્કાર હતો. માતાએ પરપુરુષ સાથે સંબંધ રાખ્યો હતો. સલોનીને બન્ને વચ્ચેની તકરાર યાદ આવે છે. લેખિકાએ સલોનીના સંઘર્ષને તાદૃશ્ય કરવા પીઠઝબકારનો વિનિયોગ કર્યો છે. તે માતા-પિતાના સંવાદોને યાદ કરે છે:

"તો પ્રદીપે તને આ અમૃતની બૉટલ પકડાવી છે? તું એક લાંબા બુગદામાં ચાલી રહી છે, જેને છેડે પ્રકાશનું કોઈ કિરણ નથી, ખુલ્લું ભૂરું આકાશ નથી." (પૃ. ૪૯)

નાયિકાને પોતાનું ઘર નથી વસી શક્યું એનો પણ વસવસો છે, જે તેના પિતાના સંવાદમાંથી પ્રગટ થાય છે. પિતાની ભૂતકાળમાં બોલાયેલી ઉક્તિ તેનો અફસોસ વર્ણવે છે.

"દેવકી, તેં તારી જિંદગીમાં જાતે પૂળો મૂકી દીધો અને સલોનીને પણ આડે રસ્તે ચડાવી દીધી. આજે સલોનીનું ઘર વસી ગયું હોત, એના બાળકો હોત." (પૃ. ૪૯)

**'મારી નીની' (ઍંધાણી, ૧૯૮૯)**

નંદિતાના સંઘર્ષને પ્રગટ કરવા માટે લેખિકાએ પીઠઝબકારનો ઉપયોગ કર્યો છે. નીનીનાં માતા-પિતાની વચ્ચે હંમેશા અણબનાવ રહેતો. મોટું ઘર અને અનેક રમકડાં વચ્ચે

નીની સાવ ખોવાઈ જતી. જે પ્રેમ અને ઉષ્માની તેને ખેવના હતી તે તેને ક્યારેય ન મળ્યાં. બાળપણની યાદોને રજૂ કરીને લેખિકાએ તેની ઉદાસીને ઘેરું પરિમાણ આપ્યું છે.

"આ બધાંમાંથી એક ખંડ એનો આગવો. સાવ પોતાનો. મમ્મી તો ત્યાં માંડ પગ મૂકે એવો, ગણ્યા ગણાય નહીં એટલાં રમકડાંથી ભરેલો. હોંશે હોંશે એ રમવા બેસતી, પણ તરત કંટાળી જતી. સાથીદાર વિના શી મજા!... એ તો સાવ એકલી, પરીકથાની રાજકુંવરીની જેમ જાણે ઊંચે ઊંચે એકદંડિયા મહેલમાં પૂરેલી..." (પૃ. ૧૪૧-૧૪૨)

**'તેં હજી જવાબ ન આપ્યો?' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

વાર્તામાં નીનાના મુખે વક્તાનાં વાક્યો મૂક્યાં છે. જેનાથી તેનો ઈશાન તરફનો તિરસ્કાર વેધક બને છે. પતિના સંસારને પત્ની સારી રીતે સંભાળે, તેનાં સ્વજનોને સાચવે! વળી, પતિને પ્રેમિકા હોય તો પત્ની એનો સ્વીકાર પણ કરે! આની સામે શું પતિ પોતાને પ્રેમી સહિત સ્વીકાર કરી શકશે? એમ પૂછતાં તેનો ઈશાન તરફનો તિરસ્કાર દેખાય છે.

"સરસ પ્રપોઝલ છે તારી, વિવેક. એક સ્ત્રી ઘર ગૃહસ્થી સંભાળે, બાળકો પેદાં કરે, સમાજમાં મોભો આપે... તારાં મા-બાપની ચાકરી કરવાની નહીં, મામાજી સસરાને જોવા હૉસ્પિટલ જવાનું નહીં..." (પૃ. ૧૪૫)

"તેં આ શબ્દો, આમ જ આ જ રીતે વેદિકાને પણ કહ્યા જ હશે આઈ એમ શ્યોર." (પૃ. ૧૪૫)

**'કહે દિયા સો કહે દિયા' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

વૈશાલી જુએ છે કે પોતાના પપ્પા મમ્મીને ઘરકામમાં કોઈ મદદ કરતા નથી. સમાજમાં પણ તે એવાં જ ઉદાહરણો જુએ છે. આથી પુરુષો પ્રત્યે નફરતની દૃષ્ટિથી જોતી વૈશાલી વક્તાનો વિનિયોગ કરે છે. ઘરના કામમાં મદદ ન કરાવતા સમગ્ર પુરુષજાત પ્રત્યનો તેનો તિરસ્કાર અહીં જોઈ શકાય છે. દાદી સાથેની વાતચીતમાં પણ તેનો તિરસ્કાર દેખાય છે.

"શું આ પૃથ્વી નામના ગ્રહ પર વસતાં મનુષ્યોની એટલે કે પુરુષોની આ વાત છે?" (પૃ. ૯૮)

"વર સજ્જન જ નીકળે એની ખાતરી શી? લગ્ન પછી પારકા બૈરાં જોડે રખડશે તો? દારૂ પીવા રોજ બારમાં અઠે દ્વારકા કરે તો? અને શેરબજારિયો તો ધોળે ધરમેય નહીં." (પૃ. ૯૫)

**'બટમોગરો' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

માતાએ પોતાના મનની સ્થિતિને વર્ણવવા માટે પત્ર પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. જીવનની સફરમાં છટકીને ચાલ્યા જનાર પતિ તરફનો ધિક્કાર પત્રમાં વર્ણવ્યો છે.

"શેનું સૌભાગ્ય? સ્ત્રીનું સૌભાગ્ય માત્ર લાલ ચાંદલો? એના વિનાય હું અખંડ સૌભાગ્યવતી જ હતી. મારાં માતા-પિતા, તારા જેવી દીકરી હોવી, એ મારું સૌભાગ્ય... તો એ મારું સૌભાગ્ય." (પૃ. ૭૨)

તેમાં તેણે યુવાન થતી દીકરીને પોતાના મનની વાત કરી છે. પોતે શા માટે નાયિકાને પિતાથી દૂર રાખી તેની જાણ કરી છે.

"હવે તું સમજી શકી હોઈશ કે તારા પિતાની કોઈ નિશાની મેં મનમાં કે ઘરમાં કેમ રાખી નહોતી? બુધ્ધની જેમ એમણે મહાભિનિષ્ક્રમણ કર્યું હોત તો મેં યશોધરા બની એમનાં ચરણમાં આયખું બિછાવ્યું હોત." (પૃ. ૭૧)

**'દીપમાળ' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

વાર્તામાં 'દીપમાળ' એ પોતે પ્રતીક છે, જેના દ્વારા રાંક વિદ્યાર્થિનીઓનું ભવિષ્ય ઝળહળી ઊઠે છે. પ્રમિલા એક ચેરિટી ટ્રસ્ટની શાળાની શિક્ષિકા છે. ગરીબ બાળકીઓનાં ભવિષ્યની ચિંતાની કારણે તે પ્રિન્સિપાલ અને ટ્રસ્ટીઓ સાથે સંઘર્ષમાં ઊતરે છે. પ્રમિલાની

મદદથી શાળાનું પ્રાંગણ 'દીપમાળ'ની જેમ ઝળહળી ઊઠે છે. પ્રમિલાના સંઘર્ષનું નિવારણ લાવવા આ પ્રતીક અસરકારક બન્યું છે.

"રંજુબહેન કહેતાં ને કે એક દીવાથી દીવો પેટે છે. એક દીવો બીજા દીવાને પ્રગટાવશે. બીજો ત્રીજાને... એક અખંડ દીપમાળ રચવાની હું કોશિશ કરીશ મા." (પૃ. ૧૧૪)

પ્રમિલાને પોતાની કોઢગ્રસ્ત માતાની સ્મૃતિ ભૂતકાળમાં લઈ જાય છે. માતા કહેતી કે જે ભણે છે એ જ બીજાનો ઉદ્ધાર કરી શકે છે. આ યાદ કરીને તે પણ પોતાની શાળાની વિદ્યાર્થિનીઓ માટે કાંઈક કરવાનું નક્કી કરે છે. આ માટે પીઠઝબકારનો વિનિયોગ કર્યો છે.

"અભણ માએ પારકાં કામ કરી એને ભણાવી. એ કહેતી, બેટા, તું ભણીશ તો તું ઊજળી થઈશ અને બીજાનેય ઊજળા કરીશ." (પૃ. ૧૧૪)

**'નામ: નયના રસિક મહેતા' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

નયનાના મૂક સંઘર્ષને વર્ણવવા લેખિકાએ વર્ણનો મૂક્યાં છે. તેની મનોવેદનાને રજૂ કરવા માટે વર્ણનો ઉપયોગી નીવડ્યાં છે. પતિનો ઝેરીલો સ્વભાવ તેની અકથ્ય વેદના બનીને ટપકે છે. સાસુની વેધક નજર તેને હંમેશા ખૂંચે છે.

"મન પર પડેલા ઘા હૃદય ચીરીને બતાવી શકાતા હોત તો!" (પૃ. ૧૯)

"હળાહળ વિષનાં ટીપાં જેવી બે આંખો. સતત એની પાછળ પાછળ ફરતી. વીંધતી. ઉતરડતી. દઝાડતી." (પૃ. ૧૭)

સ્ત્રીઓના તિરસ્કારને રજૂ કરતાં જૂથમાં વિભિન્ન પ્રયુક્તિઓનો વિનિયોગ છે. આ દરેક પ્રયુક્તિ સ્ત્રી-પાત્રોનાં અન્યો તરફના તિરસ્કારને ઘેરું પરિમાણ આપે છે. વર્ષો પહેલાંની ઘટનાનું વર્તમાનમાં સ્મરણ થતાં જ 'સંબંધ અથવા બીજું કશું નહીં'નાં પુષ્પાબહેનનો તિરસ્કાર વધી જાય છે. સલોની અને નંદિતાનો માતા પ્રત્યેનો તિરસ્કાર પ્રગટ કરવા પીઠઝબકાર પ્રયુક્તિ ઉપયોગી થઈ છે.

પ્રમિલા પોતે 'દીપમાળ' બની બાળકીઓનું ભવિષ્ય સુધારે છે. વૈશાલી અને નીનાની વક્રોક્તિમાં પુરુષપ્રધાન સમાજનું આધિપત્ય સ્વીકારવાની સ્પષ્ટ મનાઈ જણાય છે. નયનાનો સાસુ તરફનો તિરસ્કાર અને તેની વેદના વર્ણનો થકી રજૂ કરી છે. 'બટમોગરો'માં પુત્રીનો માતા તરફનો અકારણ તિરસ્કાર દૂર કરવા પત્ર પ્રયુક્તિ સહાયરૂપ બની છે.

**જૂથ-૫ : અફસોસ**

આ જૂથમાં સ્ત્રીપાત્રોને અનુભવાતા અફસોસના સંવેદનની વાત છે. જેમાં ૯ વાર્તાઓ છે. સ્ત્રીપાત્રોનો અફસોસ દર્શાવવા વાર્તાકારે પ્રયુક્તિઓનો વિનિયોગ કર્યો છે. કુછંદે ચડી ગયેલા પુત્રને સુધારવા બધું જ કરી ચૂકેલી મૃણાલનો અફસોસ પીઠઝબકારની પ્રયુક્તિથી ઘેરો બન્યો છે. રંજુનો પ્રથમ પતિને છોડી દેવાનો અફસોસ પણ પીઠઝબકારની પ્રયુક્તિથી પ્રભાવક બન્યો છે. રમા સસરાને આપેલું વચન પાળી નથી શકતી એનો અફસોસ તેની ભૂતકાળની સ્મૃતિમાં દેખાય છે.

પતિની હાજરીમાં સ્ત્રીનું ઘરમાં સ્થાન અને વિધવા થયા પછીની દશા દર્શાવવા પીઠઝબકારનો વિનિયોગ છે. લેખિકાએ બાયફોકલની પ્રયુક્તિથી શાલુના વર્તમાન અને ભૂતકાળની સફરે લઈ જઈ અફસોસનું નિરૂપણ કર્યું છે. મંજરીનો લગ્ન પહેલાંનો શોખ પૂરો ન થતાં તેને અફસોસ થાય છે. કોઈને જોયા કે મળ્યા વગર તેના પ્રત્યે પૂર્વગ્રહ બાંધી લેતી પૂર્વીના અફસોસને આંતરિક એકોક્તિની પ્રયુક્તિ વધુ ઘેરી કરે છે.

**'વખ' (અનુરાધા, ૨૦૦૩)**

મૃણાલ ડ્રગ્સને રવાડે ચડી ગયેલા નાલાયક પુત્રને લઈને ખૂબ પરેશાન છે. એને ઘરમાંથી બહાર કાઢી મૂક્યો છે, પણ જીવનમાંથી કેવી રીતે કાઢી નખાય? તેને સુધારવા માટે પોતે કેવા પ્રયત્નો કર્યા છે એ યાદ કરતાં મૃણાલ ભૂતકાળમાં સરી જાય છે.

"પણ પછી એને માટે શું શું નહોતું કર્યું? પ્રેમથી, સારવારથી, ડરથી એ રસ્તેથી પાછો વાળવા એટલે દૂર સુધી એની પાછળ દોડી ગઈ હતી કે બીજા સ્વજનોનો સાથ છૂટી ગયો હતો એની સરત પણ એને રહી ન હતી." (પૃ. ૧૭૨)

મૃણાલના અફસોસને વ્યક્ત કરવા લેખિકાએ પીઠઝબકારની વિનિયોગ કર્યો છે. મૃણાલ ભૂતકાળને વાગોળે છે અને અનુભવે છે કે પોતાની એક જીદે પરિવારના દરેક સભ્યનું જીવન બગાડ્યું છે.

"જીવનભરની ઘોર તપશ્ચર્યા પછી ન દેવતા પ્રસન્ન થયા હતા, ન કોઈ વરદાન મળ્યું હતું. મળી હતી માત્ર પીડા, અને પીડાની એની નિયતિમાં એણે સૌને ભાગીદાર બનાવ્યા હતા... એવું કરવાનો એને શો અધિકાર હતો?... સૌને પોતપોતાની રીતે સુખી થવાનો અધિકાર હતો. પોતાને પણ." (પૃ. ૧૭૦)

મૃણાલના સંઘર્ષનું સમાધાન લાવવા માટે લેખિકા તેને ભવિષ્યની કલ્પનામાં દોરી જાય છે. તે નક્કી કરી લે છે કે હવે જય સાથેનો સંબંધ સમૂળગો તોડી નાખશે. જેમાં ફ્લેશ ફોરવર્ડની પ્રયુક્તિનો ઉપયોગ છે.

"મનની ધરતીમાંથી મૂળિયાં સોતો છોડ ખેંચી કાઢશે. એ છોડ પર કદી ન ફૂલ મહોરવાના હતા ન મધુર ફળો. નગુણાનો સાથ છોડી દેશે." (પૃ. ૧૭૨)

**'ઊડી ગયેલું પંખી' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

રંજુ જેનાથી છૂટી પડી છે એવા પતિને 'ઊડી ગયેલા પંખી'નું પ્રતીક આપે છે. પોતે સમજીને પ્રથમ પતિનો સાથે છોડ્યો હતો. હવે સુખી જીવન જીવતી રંજુને તેની યાદ આવે છે. તે વિચારે છે કે પૂર્વ પતિની યાદ શા માટે આવે છે? પોતે એને છોડવાની ભૂલ કરી છે એમ લાગતાં તેને અફસોસ અનુભવાય છે.

“જેનાં સ્મરણને પંખીની જેમ ઊંચે ઊડાડી મૂક્યું હતું એ ફરી ટહુકો બનીને કેમ ખરી પડતું હતું? હવે એની સાથે શો સંબંધ?” (પૃ. ૧૪૬)

“આ ઘર, એની દીવાલો, એની છત વીંધીને એનું મન આ ભૂરા અનંત આકાશમાં ઊડી ગયેલા પંખીને શોધે છે, જેનો ટહુકો એનાં પાલવમાં ખરી પડ્યો છે.” (પૃ. ૧૪૯)

**‘શાંતિ’ (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

લેખિકાએ શાંતિની વેદના દર્શાવવા પીઠઝબકારનો વિનિયોગ કર્યો છે. બહુ ઓછા સમયના લગ્નજીવનમાં શાંતિ વિધવા થાય છે. મૃત પતિ સાથે ગાળેલા સમયની યાદ તાજી કરવા માટે તે ભૂતકાળમાં ડોકિયું કરે છે. તેને લાગે છે કે પતિના નિધન બાદ તે આ કુટુંબની વહુ મટીને નોકરાણી બની ગઈ છે. આ પ્રયુક્તિ તેના અફસોસને ઘેરો કરવા સહાયરૂપ બને છે.

“એનું સર્વસ્વ લૂંટાઈ ગયું હતું. ઘર અને દુનિયા એમ જ ચાલતાં રહ્યાં હતાં. સૌએ ભેગા મળીને શોક કર્યો, એની સામે જોઈ ફળફળતા નિશ્વાસ મૂક્યા, બિચ્ચારી શબ્દના ડામ દીધા અને સઘળું પૂર્વવત્ થઈ ગયું.” (પૃ. ૧૬૬)

“અને ધીમે ધીમે એ સમજી શકે એ પહેલાં ઘરનો સઘળો બોજો અદૃશ્ય રીતે એની પીઠ પર આવી પડ્યો હતો. એને તો ન પતિ ન બાળકો. એટલે બીજું શું કામ હોય?” (પૃ. ૧૬૬)

**‘ગોકુળમાં ટહુક્યા મોર’ (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

મંજરીને લગ્ન પછી વધુ અભ્યાસની ઇચ્છા હતી. સંસારની પળોજણમાં તે પૂરી ન થતાં તેને અફસોસ થાય છે. મંજરી કિશોરવયનાં બાળકોને પોતાની ભાષા અને સંસ્કૃતિ શીખવવાનો પ્રયત્ન કરે છે. એમાં સફળ ન થતાં તેનો અફસોસ વધે છે. એનો આ અફસોસ તેની ભૂતકાળની યાદોને કારણે વધુ ઘેરો બને છે. બા-બાપુજી સાથેનો તેનો સંબંધ અને પોતાનાં બાળકોનો વ્યવહાર તેને યાદ આવે છે.

"ઘણીવાર સ્વરપેટીમાં પુરાયેલાં ગીતો ઝૂરતાં. પુસ્તકોનાં પાનાં મનમાં ફરફરતાં. પણ ઘરમાં ન એકાંત મળતું કે ન કોઈ પોતાનો નાનકડો ખૂણો હતો જ્યાં એ નિરાંતે જીવે, પોતાની જાત સાથે બેસીને વાંચી શકે..." (પૃ. ૪)

મંજરીની વેદનાને દર્શાવવા લેખિકાએ બાયફોકલ પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. તે વારે વારે ભૂતકાળની સફરે પહોંચી જાય છે અને પાછી વર્તમાનમાં આવીને બન્ને સમયની તુલના કર્યા કરે છે. તેના સંઘર્ષનું નિવારણ દર્શાવવા ફ્લેશ ફોરવર્ડ પ્રયુક્તિ દર્શાવી છે. તે ભવિષ્યની સુંદર સફરે પહોંચી જાય છે.

"આકાશ જોતાં, ઝૂલતાં એ પોતાના ગળામાં બંદીવાન થઈ ગયેલાં સૂરપંખીઓને મુક્ત કરશે. હળવી ઠેસે હીંચતાં એ મેઘાણી અને મુનશી વાંચશે. ઘાયલ અને મરીઝની ગઝલો ગાશે. રમેશ અને નિરંજનનાં ગીતો ફરી ફરી વાંચશે... નરસિંહ, મીરાં, દયારામ, ટાગોર, કાલિદાસ..." (પૃ. ૫)

**'વચન પૂરું કરું છું' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

રમાની ભૂતકાળની વાતો અને સસરાના નિયમબદ્ધ જીવનને તાદૃશ કરવા માટે પીઠઝબકારનો વિનિયોગ છે. અકિંચન ગોર સસરાએ આપેલા સંસ્કારો રમાની અંદર જીવતા હતા. વિનાયકે આજે કરેલ કામ તેના અફસોસને વધારે છે. રામા વિચારે ચડી જાય છે કે જો આજે સસરા જીવતા હોત તો તેમને કેટલું દુ:ખ થાત.

"ગુજરાતના તળ ગામડાના, ગરીબ, ગોરપદું કરતા બ્રાહ્મણ ગિરજાશંકર જોષીનો દીકરો વિનાયક. પિતા ખૂબ સાત્ત્વિક, અયાચક. માગવાનું નહીં. લોકો આપે તે જ લે. સંસ્કૃતના વિદ્વાન... એકના એક દીકરાને યજમાનોએ ભણાવ્યો...એ જ ગામના ગરીબ બ્રાહ્મણ કુટુંબની દીકરી રમાને પરણ્યો." (પૃ. ૪૪)

લેખિકાએ રમાના સંઘર્ષને પીઠઝબકારની પ્રયુક્તિથી રજૂ કર્યો છે. પોતે આ શહેરમાં આવીને પ્રારંભિક વર્ષો ખૂબ મહેનત કરી છે તેની યાદ પણ રમાને ભૂતકાળમાં લઈ જાય છે.

"આ નિર્મમ શહેરમાં બન્નેએ કાળી મજૂરી કરી છે. સખત સંઘર્ષ કર્યો છે. અરે સાહેબ, દિવસે સામાન્ય નોકરી અને રાત્રે ટેક્સી ચલાવી છે વિનાયકે. સાડીને ફોલ મૂકીને એના હાથમાં આંટણ પડી ગયાં છે." (પૃ. ૪૫)

જેની પર શ્રધ્ધા રાખી તે પતિ દાણચોરીનો ધંધો કરે  છે અને પોતાને એ વાતની ભનક સુધ્ધાં નથી એ વાતે તે હચમચી જાય છે. પ્રેમથી વસાવેલ તેનો સંસાર એક જ આંચકાથી તૂટી પડ્યો એ વાતે તે દુ:ખી છે.

"એક ભયાનક ધરતીકંપમાં એનું સર્વસ્વ ગારદ થઈ ગયું હતું. વિશ્વાસ અને શ્રધ્ધાથી બાંધેલી પ્રેમની ઇમારત તૂટી પડી હતી. એના કાટમાળ પર ઊભી રહીને એ પોતાને પૂછે છે, રમા, તું તારા પતિને ઓળખે છે?" (પૃ. ૪૮)

**'નવલખું મોતી' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

લેખિકાએ પૂર્વીના સંઘર્ષને વેગ આપવા માટે આંતરિક એકોક્તિનો વિનિયોગ કર્યો છે. પ્રથમ તો માતા-પિતાનો પ્રેમ કોઈ અન્ય સાથે વહેંચવાના વિચારથી તે ગુસ્સે થાય છે. પણ કેતકીને મળ્યા પછી અને આશ્રમમાં રહેલા દર્દીઓની સ્થિતિ જોયા પછી તેને પોતાના સ્વાર્થીપણા માટે અફસોસ થાય છે.

"મતલબ એક પરુ ગંધાતી અજાણી છોકરી એના જીવનમાં સરખી હિસ્સેદાર બનશે! નહીં, એ એવું નહીં થવા દે. જે પોતાનું છે તે પોતાની માલિકીનું જ રહેશે- સુવાંગ અને અખિયાતું. પપ્પા-મમ્મીનો પ્રેમ મારો જ છે. એકલીનો." (પૃ. ૪૦)

"પોતાની પૂર્વ માન્યતાઓની, પ્રેમની, વિશ્વાસની દીવાલો તૂટવા માંડી. આંખ બંધ કરી, એ થોડી વાર બેસી રહી... શું લોહીનો સંબંધ ઝાકળનાં ટીપાંની જેમ તત્ક્ષણ જ ઊડી જતો હશે! તો આ જગમાં શું કોઈનું કશું જ મૂલ્ય નથી!" (પૃ. ૪૪)

**'કોઈ વાર થાય કે...' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

શાલુના સંઘર્ષને દર્શાવવા લેખિકાએ બાયફોકલ પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. શાલિનીની સામે ભૂતકાળ જેવી જ ઘટનાઓ વર્તમાનમાં બને છે. પહેલાંના સોલંકીને યાદ કરતાં એ અફસોસમાં સરી પડે છે. સોલંકી તો પહેલાં જેવો જ નિર્દોષ અને આનંદી છે. એ જોતાં તે બન્ને સમયની તુલના કરે છે.

"તું જુએ છે ને હુંય સુખી છું. આમ જીવન વિશે કોઈ ફરિયાદ નથી, પણ કોઈ વાર થાય કે..." (પૃ. ૧૩૧)

વાર્તાકારે સ્ત્રીઓના અફસોસને રજૂ કરવા ભિન્ન રચનારીતિનો પ્રયોગ કર્યો છે. ૫ વાર્તાઓમાં રજૂ થયેલી પીઠઝબકારની પ્રયુક્તિ થકી નાયિકાઓનું સંવેદન ઉપસી આવ્યું છે. મંજરી લગ્ન પહેલાંની વાતો યાદ કરે છે અને અફસોસથી ઘેરાઈ જાય છે. બાયફોકલથી શાલુના વર્તમાન અને ભૂતકાળમાં ડોકિયું કર્યું છે. જેમાં તેનો અફસોસ દેખાય છે.

**જૂથ-૬ : ડર**

આ જૂથમાં સ્ત્રી-પાત્રોને અનુભવાતું ડરનું સંવેદન છે. જૂથમાં ૬ વાર્તાઓ છે. સ્ત્રી-પાત્રોનો ડર દર્શાવવા માટે વાર્તાકારે પ્રયુક્તિઓનો વિનિયોગ કર્યો છે. 'તને સાચવે પારવતી'ની રક્ષા માનસિક વિકલાંગ બાળકીના ભાવિ માટે ચિંતિત છે. જેમાં એનો ડર દેખાય છે. તેને રજૂ કરવા ભાષાકર્મનો વિનિયોગ કર્યો છે. 'બળાત્કાર'ની મયૂરી પતિએ કરેલા પાશવી વ્યવહારથી ડરી ગઈ છે. તેનો ડર ભાષાકર્મની પ્રયુક્તિથી ઘેરો બન્યો છે. 'સપનાંનો વીંટો'માં રસીલા

યૌવનને ઉંબરે ઊભેલી દીકરીઓની ફિકર કરે છે. ગુમ થયેલા પતિને કારણે અને ગુંડાઓને કારણે ડર્યા કરે છે. એનો ડર ભાષાકર્મથી દર્શાવ્યો છે.

રુક્ષ્મણીબહેન હંમેશા પતિથી ડરે છે. પતિના મૃત્યુ બાદ પણ તેમના આભાસથી છળી ગયેલાં રુક્ષ્મણીબહેનનો ડર દર્શાવવા પીઠઝબકારની પ્રયુક્તિ અસરકારક બની છે. લીલાએ રાહુલને દત્તક લીધો છે. તેને ડર છે કે પોતાની હકીકત જાણી રાહુલ તેને છોડી દેશે. હંમેશા આશંકિત રહેતી લીલાનો ડર પીઠઝબકારથી ઘેરો બન્યો છે. હીરાકાકીનો ડર દર્શાવવા સહોપસ્થિતિનો વિનિયોગ છે.

**'તને સાચવે પારવતી' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

લેખિકાએ રક્ષા અને નચિકેતની વેદનાનાં વર્ણનો આપ્યા છે. જેમાં બન્નેના સંઘર્ષમય જીવનનો પ્રસાર છે. ચાંદનીની ચાકરી કરતાં બન્ને થાકી જાય છે. તેમના સંઘર્ષને વર્ણનો વધુ ઘેરો બનાવે છે.

"ક્યારેક કપરાં ચઢાણ તો કદીક ખાડાટેકરાવાળી કેડી નીચે અને નીચે ઊતરતી દેખાતી. બન્ને હાંફતાં, થાકી જતાં, પડતાં, આખડતાં, ચાલતાં રહેતાં. સમયનું અંતહીન ધગધગતું રણ પસાર કરવાનું હતું. રસ્તે કોઈ માઈલસ્ટોન નહોતો. નકશાની રેખાઓ વિના ક્યાં પહોંચવાનું હતું?" (પૃ. ૧૮)

**'બળાત્કાર' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

લેખિકાએ મયૂરીના પતિ દ્વારા થતાં બળાત્કારને વર્ણવવા ભાષાકર્મનો વિનિયોગ કર્યો છે. પાશવી પુરુષનો પ્રથમ સહવાસ જ તેના માટે ડરામણો સાબિત થાય છે. સમીરનો પ્રથમ સ્પર્શ જ તેને એટલો ડરાવી દે છે કે તે ફરી ક્યારેય સમીર સાથે એક થઈ શકતી નથી.

"ઘવાયેલા પ્રાણી જેવો ચિત્કાર એના ગળામાંથી નીકળ્યો. ફૂલેલાં નસકોરાં... આંખોમાં ઘેરાતો લાલ રંગ... મયૂરી ડરની મારી લાકડું થઈ ગઈ." (પૃ. ૧૫૧)

"એક પછી એક આત્મસન્માનનાં આવરણ ઊતરતાં ગયાં. શરમથી એ અધમૂઈ થઈ ગઈ. ધક્કો મારતા એના બંને હાથ પર સમીરે પોતાનું હાથનું વજન મૂકી દીધું. તલવારથી ચિરાઈ ગઈ હોય એમ અસહ્ય પીડાનો સણકો ઊઠ્યો, પછી ગરમ પ્રવાહીનો રેલો એને તેજાબની જેમ દઝાડતો વહી ચાલ્યો." (પૃ. ૧૫૨)

"મોડી રાત સુધી એ છતને તાકતી ગુમસુમ પડી રહી. કલ્પનામાં દોરેલાં સુંદર ચિત્રો પર આજે અચાનક કાળાં રંગનો કૂચડો સમીરે ફેરવી દીધો હતો." (પૃ. ૧૫૩)

**'સપનાંનો વીંટો' (અનુરાધા, ૨૦૦૩)**

રસીલાનો ડર દર્શાવવા લેખિકાએ ઉપમાનો વિનિયોગ કર્યો છે. એકલી પડેલી રસીલનો જીવ ફફડ્યા કરે છે.

"રસીલા પાંખમાં બે દીકરીઓને લઈ પારેવાની જેમ ફફડતી રહેતી." (પૃ. ૧૪૯)

"ધગધગ સૂરજ છાતીમાં તપતો હોય એમ રસીલા બળુંઝળું થઈ ગઈ". (પૃ. ૧૫૨)

લેખિકાએ રસીલાના મનની સ્થિતિ દર્શાવવા માટે પ્રતીકનો ઊપયોગ કર્યો છે. રસીલા ઘર છોડીને ચાલી જાય છે. હવે પતિ પાછા નહીં જ આવે એમ સમજી ગઈ છે. તેના સંઘર્ષનું શમન કરવા પ્રતીકનો વિનિયોગ કર્યો છે.

"પતિના અડધા ભૂંસાયેલા નામની લટકી પડેલી તકતી ઝૂલવા માંડી. એને કાઢી લઈ રસીલાએ થેલીમાં મૂકી. અરે વળગણી પર એમનું પેન્ટ લટકે છે! લાકડીથી પેન્ટ ઉતારી, સપનાંનો વીંટો વાળી દેતી હોય એમ ગોટો વાળી થેલીમાં ખોસી દઈ, એ બહાર નીકળી ગઈ." (પૃ. ૧૫૨)

**'બીલીપત્રનું ચોથું પાન' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

લેખિકાએ લીલાના ડરને વર્ણવવા પીઠઝબકારનો વિનિયોગ કર્યો છે. રાહુલ પોતાને મૂકીને ચાલ્યો તો નહીં જાય એનો સતત ડર લાગ્યા કરે છે. લીલાના ડરને ઘેરો કરવામાં આ પ્રયુક્તિ મદદ કરે છે.

"ઘણીવાર એ રાત્રે હાંફળી ફાંફળી જાગી જતી. દોડીને જોઈ આવતી રાહુલ ઊંઘે છે?" (પૃ. ૮)

**'ગાંઠે બાંધ્યું આકાશ' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

રુક્ષ્મણીબહેનનો પતિ તરફનો સંઘર્ષ દર્શાવવા પીઠઝબકારનો વિનિયોગ કર્યો છે. પતિની દરેક કડવી યાદોને તે ભૂતકાળની સ્મૃતિમાં જઈને સ્મરે છે. આ પ્રયુક્તિ રુક્ષ્મણીબહેનના ડરને ઘેરો કરે છે.

"પોતે ક્યાંય ગયાં હોય તોય પાંચ સાડા પાંચે તો કરફ્યૂ ઑર્ડરની જેમ ઘરમાં આવવું જ પડે. આ રાંધું કે તે રાંધુંની ગભરામણમાં રસોઈ માંડે. હાથ ફટાફટ કામ ઉકેલે, કાન બારણાંની બેલ પર અને છાતીમાં ભારભાર... ફરી રાંધવું પડશે?" (પૃ. ૩)

**'ભલે પધાર્યાં' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

વાર્તામાં સહોપસ્થિતિની પ્રયુક્તિ છે. જેમાં બન્ને એકબીજાની વિરુદ્ધ સ્વભાવવાળાં પાત્રો છે. કાકાના પ્રભાવી વ્યક્તિત્વની સામે કાકી સરળ છે. સહોપસ્થિતિની પ્રયુક્તિ કાકીનો ડર દર્શાવવા ઉપયોગી થઈ છે.

"હીરાકાકી આ કરે, ત્યાં પેલું રહી જાય. એક કરે ને બીજું ભૂલી જાય. નોકરો, મહારાજને કામે વળગાડી દે તોય સમય બહુરૂપીની જેમ છળકપટ કરી હીરાકાકીને ક્યાંક ને ક્યાંક છેતરી જાય... નીચું જોઈ જાય. બોલી બોલીને કહે તો એટલું જ, આટલુંય તમારાથી ન થયું હીરા?" (પૃ. ૬૦)

આ જૂથમાં સ્ત્રીઓનો ડર દર્શાવવા ભાષાકર્મની પ્રયુક્તિનો વધુ વિનિયોગ છે. રક્ષાની પીડા અને ડરને વેગ આપવા વર્ણનો આપ્યાં છે. સમીર તરફથી શારીરિક પીડાને સહેતી મયૂરી રોજ રાત્રે ડરી જાય છે. તેના એ ડરને રજૂ કરવા વર્ણનો સહાય કરે છે. રસીલાનો ડર પણ ભાષાકર્મથી ઘેરો બન્યો છે. 'ભલે પધાર્યાં'માં હીરાકાકીનો ડર સહોપસ્થિતિની રીતે રજૂ થયો છે. લીલા અને રુક્ષ્મણીબહેનનો ડર પીઠઝબકાર થકી અસરકારક બન્યો છે.

**જૂથ-૭ : ઇચ્છા**

ઇચ્છાનું સંવેદન અનુભવતી સ્ત્રીઓના જૂથમાં ૪ વાર્તાઓનો સમાવેશ છે. 'અલગ વિશ્વ'ની વીણાને પતિનો સાથ અને હૂંફ ઝંખે છે. તેનામાં ઇચ્છાનું સંવેદન જાગૃત થાય છે. 'મુક્તિ'ની ચંદનનું ઇચ્છાનું સંવેદન રજૂ કરવા પીઠઝબકારની પ્રયુક્તિ સહાયરૂપ બની છે. ખાલી હીંચકો પ્રતીક બની મૃદુલાના સંતાનવિહોણા જીવનને રજૂ કરવામાં સહાય કરે છે. 'તપ'માં વસંતની દૈહિક જરૂરિયાતોનો અસંતોષ વર્ણવવા ભાષાકર્મનો વિનિયોગ છે.

આ જૂથની ૨ વાર્તાઓમાં સ્ત્રીઓની ઇચ્છાનું સંવેદન રજૂ કરવા પીઠઝબકારનો વિનિયોગ કર્યો છે. પતિ તરફથી અવહેલના પામતી વસંતની ઇચ્છા ભાષાકર્મની પ્રયુક્તિ થકી અસરકારક બની છે. 'ખાલી ઝૂલતો હીંચકો' પ્રતીક બની મૃદુલાની અતૃપ્ત ઝંખનાને ઘેરો કરે છે.

**'અલગ વિશ્વ' (એંધાણી, ૧૯૮૯)**

વીણાનો નીલાંબર સાથેનો સંઘર્ષ દર્શાવવા લેખિકાએ પીઠઝબકારનો વિનિયોગ કર્યો છે. નીલાંબર શાંત પ્રકૃતિનો માણસ હતો. વીણા તૈયાર થતી, ઘરને શણગારતી. નીલાંબર પોતાના તરફ ધ્યાન આપે એવી વીણાની ઇચ્છા પૂરી ન થતા તે અકળાતી.

"એ ધનુષ્યની પણછની જેમ સામસામેના બે છેડે બંધાઈને જીવતી હતી. દિવસભર એ નીલાંબરની પત્ની થઈને જીવતી. રસોઈ, ઘરકામ બધું ચૂપચાપ નિરસપણે ચાલ્યા કરતું." (પૃ. ૧૧૫)

**'મુક્તિ' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

ચંદનના સંઘર્ષને દર્શાવવા માટે પીઠઝબકારનો વિનિયોગ છે. પોતાની વીતી જતી ઉંમરને કારણે તેને એક જીવનસાથીની જરૂર અનુભવાય છે. બહેનની જરૂરિયાતોને જાણી ન શકવાથી તરુણ નાદાન બનીને તેની ઉપર ક્રોધે ભરાય છે. તેને સમજાવવા માટે તે ભૂતકાળમાં જઈને તેને યાદ અપાવે છે કે પોતે કેવા કપરા સંજોગોમાં તેનું ઘડતર કર્યું છે.

"પપ્પાએ જુગારમાં બધું ખોયું હતું, આ ઘર મમ્મીના નામે હતું તેથી બચી ગયું. આટલી સરસ પ્રોપર્ટી તારી પાસે, તારા નામે, તારા ભવિષ્ય માટે રહે તે માટે મેં કેવી નાનીમોટી નોકરી, ટ્યૂશનો કર્યાં છે! કેવાં અપમાનો અને ગંદી નજરો સહન કરી છે. તું શું જાણે? અત્યારે લાખોની કિંમતનું ઘર તારા નામ પર છે તરુણ." (પૃ. ૯૩)

**'ઝૂલતો ખાલી હીંચકો' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

વાર્તામાં ખાલી ઝૂલતો હીંચકો પ્રતીક રૂપે વપરાયો છે. જેમ મૃદુલાનું જીવન સંતાન વિના ખાલીખમ છે, તે જ પ્રમાણે આ હીંચકો પણ ખાલી જ ઝૂલી રહ્યો છે.

"હીંચકાનો ધક્કો લાગ્યો અને મૃદુલાના હાથની ટ્રે ફંગોળાઈ ગઈ. કાચની અસંખ્ય ઝીણી કરચો વેરાઈ ગઈ. મૃદુલા ભાવવિહીન ચહેરે એના ખાલી હાથને જોવા લાગી." (પૃ. ૪૩)

**'તપ' (ગાંઠે બાંધ્યું આકાશ), ૧૯૯૮**

વસંત પતિની સમીપ રહેવા માટે બેચેન થાય છે. ધર્મકાર્યમાં રત કૃષ્ણકાંતનું આ વાત તરફ ધ્યાન જ નથી. વસંતની શારીરિક ભૂખને દર્શાવવા માટે વર્ણનોનો સહારો લીધો છે. કૃષ્ણકાંતના શરીર તરફ નજર જતાં તે અધીરી બની જાય છે.

"પતિએ છેલ્લે ક્યારે નામથી બોલાવી હતી? એમ તો છેલ્લા બે શબ્દો પ્રેમના ક્યારે કાનમાં ગણગણ્યા હતા? છેલ્લે રણઝણતો સ્પર્શ ક્યારે કે છેલ્લું ધગધગતું ચુંબન કયારે કે

છેલ્લે એકમેકને ભીંસી નાખતા બાહુપાશમાં ક્યારે અને છેલ્લે ઓગળતાં-રેલાતાં બે શરીરો…” (પૃ. ૧૦૭)

“પહોળા ખભા… પીઠનો વળાંક… સફેદ મલમલનાં ધોતિયામાંથી દેખાતા રુવાંટીદાર પગની પિંડી… અને પિંડી પરથી સરકતી નજર વધુ ઉપર…” (પૃ. ૧૦૮)

આ જૂથમાં સ્ત્રી-પાત્રોની ઇચ્છાનું સંવેદન દર્શાવ્યું છે. પીઠઝબકારની પ્રયુક્તિના વિનિયોગ થકી વીણાની અધૂરી રહેલી ઇચ્છાનું સંવેદન અસરકારક બન્યું છે. ભાઈ માટે પોતે આપેલ ભોગને લીધે એકલી પડી ગયેલી ચંદનનો સંઘર્ષ પીઠઝબકાર વડે ઘેરો બન્યો છે. મૃદુલાનું જીવન હીંચકા જેવું જ ખાલીખમ છે તે પ્રતીક થકી જણાય છે. વસંત પતિના શરીરને જોઈ શકે છે પણ ભોગવી શકતી નથી. તેની એ ઇચ્છાને રજૂ કરવામાં વર્ણનો ઉપયોગી નીવડ્યાં છે.

## જૂથ-૮ : ક્રોધ

ક્રોધનું સંવેદન અનુભવતી સ્ત્રીઓના જૂથમાં ૪ વાર્તાઓનો સમાવેશ છે. સ્ત્રીના ક્રોધનું સંવેદન રજૂ કરવા પીઠઝબકારનો વિનિયોગ કર્યો છે. અમી ભૂતકાળમાં જઈને યાદ કરવાનો પ્રયત્ન કરે છે કે માતાએ ક્યારેય તેને પ્રેમથી બોલાવી નથી. માતા તરફનો ક્રોધ પ્રગટ કરવામાં પીઠઝબકારની પ્રયુક્તિ અસરકાર બની છે. સુષમા અન્ય સ્ત્રીઓની માતાઓ અને સાસુઓને જુએ છે. તેમની સરખામણી પોતાની દેશી અને ફૂવડ માતા સાથે કરે છે. તેને બા તરફ ગુસ્સો આવે છે. તેનો ક્રોધ પીઠઝબકારથી વધુ ઘેરો બન્યો છે.

રીતુને સાહસિક કાર્યો કરવાં છે. તેને બદલે ઘરમાં તેને પરણાવવાની હિલચાલ થાય છે તેથી તે ક્રોધે ભરાય છે. ‘પ્રેમાંકુર’માં શાંતિબાના પતિ સાથેના ઝગડાને કારણે દીકરો હેમાંગ ઘર છોડીને ચાલ્યો ગયો છે. શાંતિબા પતિના નિર્લેપ ભાવને કારણે તેમના પર ગુસ્સે

થાય છે. હેમાંગ પાછો આવશે એવી ભવિષ્યની કલ્પના કરતાં શાંતિબાના સંઘર્ષનું નિરાકરણ લાવવા ફ્લેશ ફોરવર્ડની પ્રયુક્તિ મદદરૂપ બની છે.

**'બાવળનું ફૂલ' (અનુરાધા, ૨૦૦૩)**

લેખિકાએ સુષમા અને તેની બાનો સંઘર્ષ દર્શાવવા પીઠઝબકારનો વિનિયોગ કર્યો છે. ભાઈ-બહેનો હોવા છતાં બાની જવાબદારી સુષમાને માથે છે. પોતાની કૂવડ અને લઘરવઘર મા તરફ તે ક્રોધે ભરાય છે. પોતાને યોગ્ય છોકરો મળ્યો નથી એનો તેને વસવસો છે. આ માટે બા જ જવાબદાર છે એમ લાગતા તે બા પર વધુ ક્રોધે ભરાય છે.

“દીવાલ આખી ભરાઈ ગઈ હતી. આટલા સગાંઓ હતા અને તોય પોતે ઘુવડની જેમ આ જૂના ભાડાના કૂવા જેવા ઘરમાં પડી રહી હતી. બા નામની ઘંટીનું પડ પોતાના ગળામાં ભરાવી દઈ સૌ આ ઘરમાંથી દૂમ દબાવી ભાગી છૂટયા હતા.” (પૃ. ૩૦)

વાર્તામાં બાનો સંઘર્ષ પણ રજૂ થયો છે. સુષમાના પિતાને પરસ્ત્રી સાથે સંબંધ હતો. તેમણે ગુસ્સે થઈને બાળકો સાથે પત્નીને ઘરમાંથી કાઢી મૂકી હતી. ત્યારબાદનો સમય બાને માટે કેટલો વસમો હતો તેની યાદ પીઠઝબકારમાં દેખાય છે. બાના શબ્દો છે:

“એક દાડો બહુ મારી. ક્યે કે છોકરાંઓ મૂકી નીકળી જા. હું નીકળી તો ગઈ પણ સૌને પાંખમાં લઈને. મેં કીધું છોકરાંઉ મારી શોક્યને સોંપું તો રૌરૌવ નરકમાં જ પડું ને! પછી સૌને ઉછેરવા બહુ વસમા પડ્યા તોય...” (પૃ. ૩૮)

**‘લાલ ઘરચોળું’ (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

અમીનો સંઘર્ષ દર્શાવવા લેખિકાએ પીઠઝબકારનો ઉપયોગ કર્યો છે. પડોશના ભાભીને નાની બાળકીને રમાડતાં જોઈને તેનો મા તરફનો ક્રોધ વધુ ભભૂકે છે. માના અંતિમ સમયે તેને ભૂતકાળની ઘણી વાતો યાદ આવે છે જે તેના માતા તરફના સંઘર્ષને વધારે છે.

"મને થતું હતું કે માએ મને આમ રમાડી હશે? હુલાવીફુલાવી હશે? ચાંદાપોળી કરી હશે?... સ્મૃતિના ધૂંધળા દર્પણમાં એવું એકેય દૃશ્ય મને દેખાતું નહોતું." (પૃ. ૧૦૫)

**'રીતુ નામની એક છોકરી' (એંધાણી, ૧૯૮૯)**

આ વાર્તામાં કોઈ વિશિષ્ટ પ્રયુક્તિનો વિનિયોગ નથી.

**'પ્રેમાંકુર' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

શાંતિબા હેમાંગ પાછો આવશે એવી ભવિષ્યની કલ્પનાઓમાં રાચે છે. અહીં ફ્લેશ ફોરવર્ડની પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે.

"...ઘડીક થતું સવાર પડતામાં તો હેમાંગ ડોરબેલ મારશે જોરજોરથી, દોડતો આવશે, એક વાર સત્તર વાતો બોલશે, સૂનું ઘર ભમરાની જેમ ગુંજારવ કરી ઊઠશે." (પૃ. ૧૫૦)

લેખિકાએ શાંતિબાના સંઘર્ષને દર્શાવવા પીઠઝબકારનો ઉપયોગ કર્યો છે. શાંતિબા દીકરા અને પતિની સાથે સંઘર્ષની ક્ષણોને યાદ કરે છે તેમાં ભૂતકાળની કડવી યાદોનો સમાવેશ છે.

"બાકી પંદર વર્ષ પહેલાં આ જ દિવસે એ કેટલું રડેલાં? માથાના વાળ પગે લૂછેલા! બાપ-દીકરો એકમેક તરફ પીઠ ફેરવીને ઊભેલા. પથ્થરની દીવાલની જેમ સખત. અભેદ્ય. અને એ જાણે દીવાલમાં જીવતી ચણાઈ ગઈ હતી." (પૃ. ૧૪૮)

આ જૂથમાં સ્ત્રીઓનો ક્રોધ દર્શાવવા ૨ વાર્તાઓમાં પીઠઝબકારનો વિનિયોગ કર્યો છે. અમી અને સુષમાના ક્રોધને આ પ્રયુક્તિથી વેગ મળ્યો છે. શાંતિબાના ક્રોધનું શમન લાવવા હેમાંગ પાછો આવશે એવી સુખદ કલ્પના કરી છે. જેને ફ્લેશ ફોરવર્ડથી નિરૂપી છે.

## જૂથ-૯ : ઈર્ષ્યા

**'બાજી' (અનુરાધા, ૨૦૦૩)**

આ વાર્તામાં સ્ત્રીને ઈર્ષ્યાનું સંવેદન અનુભવાય છે. બહુમાળી મકાનમાં રહેતી રંજનનો પતિ તેના કહ્યામાં નથી. તેને અન્ય સ્ત્રી સાથે અફેર છે. સવી એકલી છે અને શાકભાજી વેચી પેટિયું રળે છે. સવીને રંજન નસીબદાર લાગે છે. જ્યારે ખોટા દમામથી કંટાળેલી રંજન સવીને સુખી સમજે છે. સવી અને રંજન બન્નેની પરસ્પર ઈર્ષ્યાને ઘેરી કરવા સહોપસ્થિતિની પ્રયુક્તિ સહાયરૂપ બની છે.

## પ્રકરણ સમાપન

આ પ્રકરણને અંતે જોઈ શકાય છે કે વર્ષા અડાલજાએ તેમનાં સ્ત્રી-પાત્રોના ભાવનાત્મક સંઘર્ષોને અસરકારક બનાવવા સાહિત્યિક પ્રયુક્તિઓનો વિનિયોગ કર્યો છે. જે અંતર્ગત તેમના પુરોગામીઓએ ઉપયોગમાં લીધેલ પ્રયુક્તિઓનો સવિશેષ વિનિયોગ છે. પીઠઝબકાર, ફ્લેશ ફોરવર્ડ, પ્રતીક, આત્મકથનાત્મક, સહોપસ્થિતિ, બાયફોકલ, સંવાદ, પત્ર અને ભાષાકર્મનો ઉપયોગ કરી લેખિકાએ સ્ત્રી-પાત્રોના ભાવનાત્મક સંઘર્ષને ઘેરું પરિમાણ આપ્યું છે.

વાર્તાના સ્ત્રી-પાત્રોના ભાવનાત્મક સંઘર્ષને રજૂ કરવા યાંત્રિકતા, નીરસતા, ભાવવિહીનતા, સ્વાર્થપટુતા, અનૈતિકતા જેવાં દૂષણો પરિબળો બનીને ઉપસી આવ્યાં છે. સ્ત્રીઓની ભાવનાને ઉજાગર કરવા માટે આ પરિબળો મહત્ત્વનો ભાગ ભજવે છે. આ પરિબળોને કારણે સ્ત્રીપાત્રો કેવળ ભૌતિક અને સ્થૂળ જ નહીં, માનસિક સમસ્યાઓનો પણ ભોગ બને છે. આ સમસ્યાઓનો સામનો ન કરી શકવાથી તેઓ મનોમન મૂંઝાય છે, હતાશ થાય છે. સ્ત્રીઓની આ માનસિક મથામણને કારણે તેમનામાં ભાવનાત્મક સંઘર્ષ ઉદ્દીપ્ત થાય છે. આ સંઘર્ષને વધુ અસરકારક બનાવવા વર્ષા અડાલજાએ વિવિધ પ્રયુક્તિઓનો સહારો લીધો છે. આ પ્રયુક્તિઓ

સંઘર્ષની સાથે સંવેદનોને રજૂ કરવામાં પણ સહાયરૂપ બની છે. કેટલીક વાર્તાઓમાં સંઘર્ષના શમન માટે પણ પ્રયુક્તિઓનો વિનિયોગ થયેલો જોવા મળે છે.

વાર્તાઓમાં પીઠઝબકાર પ્રયુક્તિનો સૌથી વધુ પ્રયોગ છે. આ પ્રયુક્તિ સ્ત્રી-પાત્રોનાં મનોસંચલનોને નિરૂપવા માટે મહત્ત્વની સાબિત થઈ છે. વર્તમાનમાં જીવતાં સ્ત્રી-પાત્રો ભૂતકાળની કડવી યાદોને કારણે સંઘર્ષમાં પહોંચે છે. સ્ત્રી-પુરુષ વચ્ચેનો સંઘર્ષ દર્શાવવા વર્ષાબહેન સ્ત્રી-પાત્રોને ભૂતકાળની સફરે લઈ ગયાં છે. પાત્રોનાં માનસપટ પર પડેલ ભૂતકાળની યાદો પીઠઝબકારથી ઘેરી બની છે. પતિના નિધન બાદ તેની યાદોમાં ખોવાયેલ સ્ત્રીનું સંવેદન પીઠઝબકારથી અસરકારક બન્યું છે. પુત્રીની બાળપણની યાદોમાં માતાની હૂંફ નથી. માતાના અંતિમ સમયે આ દર્શાવી ક્રોધને ઘેરો કર્યો છે. જીવનની આથમતી સંધ્યાએ એકલી પડેલી સ્ત્રી ભૂતકાળની આનંદદાયક સફરને વાગોળે છે. વર્તમાનનો ખાલીપો તેમને ઉદાસ કરે છે. ત્યક્તા સ્ત્રીની ઉદાસીને આ પ્રયુક્તિથી અસરકારક બનાવી છે.

કોઈને આપેલ વચનભંગની સ્મૃતિ સ્ત્રી-પાત્રોના અફસોસને સખત કરે છે. આર્થિક અસમાનતાને કારણે એક ન થઈ શકેલા પ્રેમીયુગલનો અફસોસ દર્શાવવા પીઠઝબકાર ઉપયોગી બને છે. લગ્નના બીજા જ દિવસે પિયરની યાદોમાં ખોવાયેલ યુવતીની ઉદાસી ઘેરી બને છે. જેલજીવનમાંથી મુક્ત થયેલ સ્ત્રી-પાત્રોને ભૂતકાળની સફરે લઈ જઈને પતિ તરફની ઘૃણાને રજૂ કરી છે. વર્તમાન સમયમાં શોષિત સ્ત્રીપાત્રો ગત સમયને યાદ કરી સંઘર્ષમય સ્થિતિમાં આવે છે. અમુક સ્ત્રી-પાત્રો કડવી યાદોને સ્મરે છે તેથી લગ્નભંગની પીડા વધુ ઘેરી બને છે.

વાર્તામાં બે પ્રસંગો અને વિરોધી વ્યક્તિત્વને સામે મૂકીને સહોપસ્થિતિની પ્રયુક્તિ રજૂ કરી છે. જૂના અને નવા વિચારોનો ટકરાવ સ્ત્રી-પાત્રોનો સંઘર્ષ ઘેરો કરે છે. પરસ્પર વિરોધી માનસિકતા ધરાવતી સાસુ-વહુની બેલડીની ઉદાસીને સહોપસ્થિતિની પ્રયુક્તિ અસરકારક કરે

છે. પતિના અહં અને ગર્વની સામે શરણાગતિ સ્વીકારી લેતાં સ્ત્રી-પાત્રોની મન:સ્થિતિનો ચિતાર મેળવવા આ પ્રયુક્તિ મદદ કરે છે.

ઘણી વાર્તાઓમાં સ્થૂળ વસ્તુને પ્રતીક તરીકે રજૂ કરીને સ્ત્રીના સંવેદનને ઘેરું કર્યું છે. પ્રતીકની પ્રયુક્તિ ભાવનાત્મક સંઘર્ષના નિવારણ માટે પણ સફળતાપૂર્વક રજૂ થઈ છે. ખાલી હીંચકાનું પ્રતીક સ્ત્રીનો બાળક-વિહોણો સૂનો ખોળો દર્શાવે છે. પુરુષની માફક સંસારનો ભાર વહન કરતી સ્ત્રી માટે 'શ્રાવણીની કાવડ'નું પ્રતીક બંધબેસે છે. 'જેલની ઊંચી દીવાલો' સ્ત્રીઓના અસ્તિત્વને ગળી જતી હોય એમ અનુભવાય છે. 'ઘંટી'માં અનાજનો ભૂકો થાય છે તે જ રીતે સંસારના અસંખ્ય ઝીણાં-મોટાં કામોમાં સ્ત્રીનો ચૂરો થઈ જાય છે. પતિ તરફથી પ્રશંસાના બે બોલ સાંભળવાની ઇચ્છા રાખતી સ્ત્રીની ટીકા થતાં તેનો સંઘર્ષ વધે છે. શિક્ષિકા રાંક છોકરીઓનાં ભવિષ્ય માટે રાજકીય અને વગદાર લોકોની સામે મોરચો માંડે છે. 'દીપમાળ'ની જેમ પ્રગટી ઊઠેલી સ્વ-પ્રકાશની જ્યોતિ સંઘર્ષ માટે શમન બને છે. 'વાવલી' સ્ત્રીની આર્થિક સદ્ધરતાનું પ્રતીક બની સંઘર્ષનું શમન કરવા ઉપયોગી બને છે.  સ્ત્રીની રક્ષા અને વફાદારીનું પ્રતીક 'મંગળસૂત્ર' પતિ સાથેનો સંબંધ પૂર્ણ થતાં મુક્તિનો ભાવ લઈને આવે છે. આ રીતે પ્રતીક પ્રયુક્તિ સ્ત્રીના સંઘર્ષને અસરકારક કરવામાં સહાય કરે છે.

સંઘર્ષમાં પડેલી સ્ત્રીઓ ભવિષ્યની સુખદ કલ્પનાઓ થકી તેનું શમન ઇચ્છે છે. આ માટે લેખિકાએ ફ્લેશ ફોરવર્ડનો ઉપયોગ કર્યો છે. પરદેશ વસી ગયેલાં સંતાનો આવીને પોતાની સંભાળ લેશે એવી સુખદ કલ્પનાઓમાં ફ્લેશ ફોરવર્ડની પ્રયુક્તિ છે. જે સ્ત્રી-પાત્રોની ઉદાસીને દૂર કરવા સહાયક બને છે.

ભાષાકર્મના વિનિયોગથી લેખિકાએ વર્ણનો મૂક્યાં છે. સ્ત્રીઓ સાથે થતી બળજબરીનાં વર્ણનો, અપંગ બાળકને સાચવવાનું કપરું કાર્ય વર્ણનોથી અસરકારક બન્યું છે. ફિલ્મોમાં થતાં સ્ત્રી-પાત્રનાં અંગપ્રદર્શનને વર્ણનો ઘેરાં કરે છે. પતિની અવહેલનાનો ભોગ બનેલ

સ્ત્રી શરીરસુખ ઝંખે છે. પુરુષના દેહ તરફ આકર્ષિત થયેલ તેની ઇચ્છાનું વર્ણન કરી સંવેદન ઘેરું કર્યું છે. પતિ ચાલ્યા ગયા પછી સંસાર અને દીકરીઓને સાચવતી સ્ત્રી અસામાજિક તત્ત્વો સામે બંડ પોકારે છે. તેમનો સામનો કરવાની અક્ષમતાને કારણે ડરે છે. આ ડરને વર્ણનો ઘેરો કરે છે.

આત્મકથનાત્મક પ્રયુક્તિથી સ્ત્રી-પાત્રો ભૂતકાળ અને વર્તમાનની માહિતી આપે છે. આ પ્રયુક્તિ તેનાં માનસિક સંચલનોને વર્ણવે છે. સ્ત્રી-પાત્રોના મનમાં ચાલતા વિચારોને રજૂ કરવા આ પ્રયુક્તિનો વિનિયોગ છે. વાર્તામાં બાળકોનું અપમૃત્યુ અને ગર્ભપાતની વેદના સ્ત્રી-પાત્રોને મુખે વર્ણવાઈ છે. બાળમાનસમાં સચવાયેલ સ્મૃતિઓને વાચક સમક્ષ લાવીને સંઘર્ષને વાચા આપી છે. માનસિક વેદનાને નિરૂપવા સ્ત્રી-પાત્રો આંતરિક એકોક્તિનો વિનિયોગ કરે છે.

બાયફોકલની પ્રયુક્તિ સ્ત્રી-પાત્રોનાં મનોસંચલનો અને સંવેદનોને રજૂ કરવામાં મદદ કરે છે. સ્ત્રીના ભૂતકાળ અને વર્તમાનમાં એકસમાન ક્રિયાઓ થતાં સ્ત્રી-પાત્રોનો સંઘર્ષ વિકસે છે. પાત્રો પોતાના ભૂતકાળ અને વર્તમાનની સરખામણી કરી દુઃખી થાય છે. આ તુલના તેમના સંઘર્ષને વધારે છે. સ્ત્રીને પૂર્વ પ્રેમી મળવા આવે છે. તેની બોલચાલ, વાતચીતની લઢણ, બેસવાની છટા દરેક પહેલાં મુજબ જ છે. તેની સાથે વીતાવેલી પળો યાદ આવતાં સ્ત્રીનો અફસોસ છલકાય છે.

પત્રનો વિનિયોગ સ્ત્રી-પાત્રોના સંઘર્ષનું શમન કરવામાં ઉપયોગી બને છે. સ્ત્રી પતિ વિકલાંગ બાળકી અને પોતાને માટે સમય ફાળવી શકતો નથી તેની ફરિયાદ સખીને કરે છે. પત્રમાં હૃદયની વેદના ઠાલવી સ્ત્રી હળવી થવા મથે છે. પતિની પલાયનવૃત્તિનો અહેસાસ કરાવવા સ્ત્રી યુવાન દીકરીને પત્ર લખે છે. પત્ર બન્નેનું મનદુઃખ ઓછું કરી તેમની વચ્ચે સેતુનું કાર્ય કરે છે.

અન્ય પાત્રોની વક્રોક્તિ પણ સ્ત્રીના ભાવનાત્મક સંઘર્ષને ઘેરો કરવામાં સહાયક બની છે. અમુક પાત્રોનાં વક્રબાણો સ્ત્રીની ચેતનાને હલબલાવી મૂકે છે. કેટલીક પરિસ્થિતિઓમાં

સ્ત્રી અન્ય પાત્રને વક્ર વાક્યોથી વીંધી નાખે છે. પતિના અવૈધ સંબંધોનો અસ્વીકાર કરતી નારી સ્વઓળખ માટે વક્રબાણોનો સહારો લે છે. આંતરિક મથામણોને વ્યક્ત કરવા સીધી રીતે ન કહેતા આડકતરી રીતે બોલે છે. કટાક્ષયુક્ત વાક્યોથી પોતાનો મત રજૂ કરે છે.

વાર્તાઓમાં સંવાદ પ્રયુક્તિ સ્ત્રીની યાતનાને અન્ય સાથે વહેંચવા માટે સહાયક બને છે. બે સ્ત્રી-પાત્રો સંવાદના માધ્યમથી પરસ્પર સંઘર્ષનું શમન લાવવા પ્રયત્નશીલ બને છે. બે વાર્તાઓમાં સ્ત્રી-પાત્રોના સંવેદનને ઘેરું કરવા પુરાકલ્પન પ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે.

સમગ્રતયા એમ જોઈ શકાય છે કે વર્ષા અડાલજાએ પણ પુરોગામીઓની જેમ રચનાપ્રયુક્તિઓનો ઉપયોગ કર્યો છે. આ પ્રયુક્તિઓના માધ્યમથી તેમણે સ્ત્રી-પાત્રોને અનુભવાતા ભાવનાત્મક સંઘર્ષને સબળ પરિમાણ આપ્યું છે.

---

[i] 'રચનારીતિ અને સંજ્ઞા અને સમ્પ્રત્યય', ભરત પંડ્યા, પ્ર.આ. ૨૦૦૨, પૃ. ૭૬

[ii] 'રચનારીતિ અને સંજ્ઞા અને સમ્પ્રત્યય', ભરત પંડ્યા, પ્ર.આ. ૨૦૦૨, પૃ. ૬૭